અંદાજપત્ર પ્રકાશન નં. ૫૪

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

## ૨૦૨૫-૨૦૨૬

# મહિલા અને બાળ વિકાસ વિભાગ

અંદાજપત્ર પ્રકાશન નંબર ૫૪

# ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

# વર્ષ :– ૨૦૨૫–૨૬

# મહિલા અને બાળ વિકાસ વિભાગ

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

## પ્રસ્તાવના

૧. ગુજરાત સરકારે અંદાજપત્ર વિષયક સુધારાના એક ભાગ તરીકે કામગીરી અંદાજપત્ર પધ્ધતિ દાખલ કરી અમલમાં મુકવાનું સ્વીકારેલ છે. તદનુસાર વિભાગનુ સને : ૨૦૨૫-૨૬ના વર્ષનું અઢારમું કામગીરી અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

૨. વિભાગ દ્વારા તૈયાર કરેલ કામગીરી અંદાજપત્ર: ૨૦૨૫-૨૬ની પુસ્તિકામાં સરકારશ્રી તરફથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શું આયોજન કરવામાં આવી રહ્યુ છે તેની અદ્યતન માહિતીનો સમાવેશ કરેલ છે. મહિલાઓ અને બાળકોના કલ્યાણ/ઉત્કર્ષ અર્થે, પ્રયોજન અર્થે કેટલા પ્રમાણમાં,કેવા અભિગમ અર્થે આયોજન કરવામાં આવી રહ્યુ છે. અને તે અંગે કેટલુ ખર્ચ કરવામાં આવી રહ્યુ છે,તે અંગેની અદ્યતન વિગતો/માહિતી, આ પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરેલ છે, જે કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

૩. પરંપરાગત અંદાજપત્રમાં જેનો સમાવેશ ન કરવામાં આવેલ હોય તેવી નાણાકીય જોગાવાઇઓ સામે ભૌતિક સિદ્ધિઓને સાંકળી લેવાનું કાર્ય, "કામગીરી અંદાજપત્ર" નું છે. તેથી સને: ૨૦૨૫-૨૬ના કામગીરી અંદાજપત્રમાં,જે કાર્ય માટે નાણાની માંગણી કરવામાં આવી હોય, તે હેતુઓ સિધ્ધ કરવા માટે કરવામાં આવેલી જોગવાઈઓ અને થયેલ કામગીરીનો અંદાજ કાઢવા માટેની પરિણામલક્ષી માહિતીનો સમાવેશ કરી, તે ઉદ્દેશ સિધ્ધ થાય તેવા પ્રયત્નો કરેલ છે.

૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કામગીરી, તૈયાર કરેલ યોજનાઓ, મંજુર થયેલ જોગવાઈઓ અને નાણાકીય જરૂરિયાત જુદા-જુદા પત્રકો સ્વરૂપમાં દર્શાવેલ છે. જેમાં સને: ૨૦૨૫-૨૬ના વર્ષની જોગવાઈઓનો સમાવેશ આ પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

૫. સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં,આ પૂરક પ્રકાશન તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ સંબંધિત કામગીરી અંદાજપત્ર: ૨૦૨૫-૨૬ ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર સમક્ષ રજૂ કર્યુ છે.

**રાકેશ શંકર**
સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

## મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા હિસાબના સદરો

| અનુક્રમ | માંગણી ક્રમાંક | મુખ્ય સદરો |
|---|---|---|
| ૧ | મહિલા અને બાલ વિકાસ વિભાગ | ૨૨૫૧ – સચિવાલય સામાજિક સેવાઓ. |
| ૨ | ૧૦૬ – મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતુ અન્ય ખર્ચ. | ૨૦૪૯ – વ્યાજની ચુકવણી<br>૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૨૨૩૬ – પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૦૭૦– અન્ય વહિવટી સેવાઓ પર મૂડી ખર્ચ<br>૪૨૩૫ – સામાજિક સુરક્ષા અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૨૩૬ – પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૭૬૧૦ – સરકારી કર્મચારીઓ વગેરેને લોન. |

## મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી વાર્ષિક જોગવાઈઓ
## વર્ષ ૨૦૨૫-૨૬

(રૂ. કરોડમાં)

| અનુક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ),<br>બ્લોક નં.૯/૮, સચિવાલય, ગાંધીનગર. | ૫.૯૫ |
| ૨ | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં. ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૪૧૮૨.૨૨ |
| ૩ | નિયામકશ્રી (મહિલા કલ્યાણ),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં. ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૩૪૦૫.૬૫ |
| ૪ | સભ્ય સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય મહિલા આયોગ,<br>બ્લોક નં. ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૭.૫૭ |
| ૫ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી,<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.,<br>બ્લોક નં. ૮/૯, ઉદ્યોગ ભવન, ગાંધીનગર | ૧૬.૨૩ |
| ૬ | સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ,<br>અશોકનગર સોસાયટી, સરખેજ, અમદાવાદ. | ૧.૦૧ |
| ૭ | નિયામકશ્રી, જેન્ડર રીસોર્સ<br>બ્લોક નં.૮/૮, ઉદ્યોગ ભવન, ગાંધીનગર | ૧.૪૦ |
| ૮ | ન્યુ ગુજરાત પેટર્ન | ૪૮.૦૦ |
| | કુલ- | ૭૬૬૮.૦૩ |

# કામગીરી અંદાજપત્ર : ૨૦૨૫-૨૬

## અનુક્રમણિકા


| અનુક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | સચિવશ્રી,<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ (ખુદ),<br>બ્લોક નં.૯/૮, સચિવાલય, ગાંધીનગર. | ૦૧ |
| ૨ | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં. – ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૦૯ |
| ૩ | નિયામકશ્રી (મહિલા કલ્યાણ),<br>કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,<br>બ્લોક નં. ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૨૨ |
| ૪ | નિયામકશ્રી, જેન્ડર રીસોર્સ<br>બ્લોક નં. ૮/૮, ઉદ્યોગ ભવન, ગાંધીનગર | ૩૬ |
| ૫ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી,<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.,<br>બ્લોક નં. ૮/૯, ઉદ્યોગ ભવન, ગાંધીનગર | ૩૭ |
| ૬ | સભ્ય સચિવશ્રી,<br>ગુજરાત રાજ્ય મહિલા આયોગ,<br>બ્લોક નં. ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | ૪૦ |

# કામગીરી અંદાજપત્ર :૨૦૨૫-૨૬

# મહિલા અને બાળ  વિકાસ વિભાગ (ખુદ),

# ગાંધીનગર.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ)

## પ્રસ્તાવના

૧.કામગીરી:– સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૧ના જાહેરનામા અનુસાર મહિલા અને બાળ વિકાસ વિભાગના નામાભિધાન સાથે નવા વિભાગની રચના કરવામાં આવેલ છે. કામગીરી અંદાજપત્ર પ્રકાશનમાં મહિલાઓ અને બાળકોના કલ્યાણ સંબંધિત બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગને સરકારી કામકાજના નિયમો હેઠળ સુપ્રત કરાયેલ વિષયો પરિશિષ્ટ–કમાં દર્શાવેલ છે. નવમી પંચવર્ષીય યોજનાના સામાજિક સેવાના સેકટર હેઠળ સમાવિષ્ટ કરેલ ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, આ વિભાગ દ્વારા મહિલા અને બાળકોના કલ્યાણ માટે નિતિનું ઘડતર કરવામાં આવે છે. તેમજ આ બધી કામગીરી માટે ઘડવામાં આવેલ નીતિના અમલ પરત્વે દેખરેખ રાખવામાં આવે છે.વર્ષ–૨૦૦૧ મહિલા સશકિતકરણ તરીકે ઉજવવાની ભારત સરકારની જાહેરાત અન્વયે મહિલાઓ તથા બાળકોના સુગ્રથિત વિકાસ સાધવાના હેતુથી રાજય સરકારે પરિશિષ્ટ–ક માં દર્શાવેલ વિષયો સાથે નવા મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરવાની સાથોસાથ, છ વર્ષથી નીચેના વય જુથના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ માટેનો પોષક આહાર કાર્યક્રમ પણ તેની સાથે સાંકળી લીધેલ છે.

## ૨. વહીવટી માળખું:–

મહિલા અને બાળ વિકાસ વિભાગના વહીવટી માળખાની વિગત, પરિશિષ્ટ–ખ માં દર્શાવેલ છે. વિભાગના વડા તરીકે સચિવ છે. તેમજ ચાર નાયબ સચિવ, ચાર ઉપ સચિવ તેમને મદદ કરે છે. કામગીરીના વિષયો જુદી–જુદી શાખાઓમાં વહેંચવામાં આવેલા છે. જેમાં સેકશન અધિકારી,નાયબ સેકશન અધિકારી તથા ઓફીસ આસીસ્ટન્ટનો સમાવેશ છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળ પરિશિષ્ટ–ખમાં દર્શાવ્યા પ્રમાણે–૦૬ ખાતાના વડાઓ છે. જેમાં (૧) નિયામકશ્રી (આઇસીડીએસ), (૨) નિયામકશ્રી(મહિલા કલ્યાણ), (૩) મેનેજિંગ ડિરેકટર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., (૪) સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, (૫) નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર અને (૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગનો સમાવેશ થાય છે.આ ખાતાના વડાઓ મહિલા અને બાળ વિકાસ વિભાગે ઘડેલ નીતિનિયમો અને યોજનાઓના અમલ પરત્વે તેમને સુપ્રત કરાયેલ સત્તાઓની મર્યાદામાં રહીને અમલ બજવણી કરે છે.

## ૩. નિરીક્ષણ:–

સરકારે નિયત કરેલ ધોરણ અનુસાર આ વિભાગ સંબંધિત ખાતાના વડાની કચેરીઓનું નિરીક્ષણ હાથ ધરે છે. નિરીક્ષણ દરમિયાન નિયમોનુસારની કોઇ ખામી ધ્યાન ઉપર આવે તો તે સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથો સાથ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે નિયત કર્યા પ્રમાણે યોજનાકીય માહિતી રાખે છે તથા ખાતાના વડા હેઠળ આવરી લેવાયેલી આયોજનની બાબતોની સમીક્ષા કરે છે. ખાતાના વડાઓના ખર્ચ ઉપર નિયંત્રણ માટે, માસિક બેઠક ગોઠવવામાં આવે છે અને ખર્ચ અંગેની સમીક્ષા પણ કરવામાં આવે છે.આ બેઠક સચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવે છે.

# ગુજરાત સરકારના કામકાજના નિયમો

## પરિશિષ્ટ–ક

## મહિલા અને બાળ વિકાસ વિભાગને ફાળવેલા વિષયો

૧. પોષક આહાર કાર્યક્રમ,

૨. અનૈતિક વેપાર નિયંત્રણ અધિનિયમ–૧૯૮૬,

૩. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.,

૪. મહિલાઓને સમર્થ બનાવવા માટેના સંગઠનોને નાણાંકીય સહાય,

૫. મહિલાઓને સમર્થ બનાવવા માટે દસ્તાવેજીકરણ અને હિમાયત,

૬. કેન્દ્રિય  અને રાજય કલ્યાણ બોર્ડની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી તમામ બાબતો,

૭. દહેજ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૬૧,

૮. ઘરેલુ હિંસા અધિનિયમ–૨૦૦૫ પારિવારિક હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ બાબતનો અધિનિયમ,

૯. મહિલા અને બાળ કલ્યાણ અને અન્ય વિભાગોમાં ચાલતી મહિલા અને બાળ કલ્યાણની પ્રવૃત્તિઓનું સંકલન,

૧૦.મહિલા અને બાળકો સાથે અનૈતિક વ્યવહાર સંદર્ભે ભારત સરકાર તથા અન્ય સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર,

૧૧. મહિલા અને બાળકોને લગતી પ્રવૃત્તિઓનું આયોજન, સંશોધન, મુલ્યાંકન, નિયમન, પરિયોજના તૈયાર કરવી, તાલીમ અને આંકડાકીય માહિતી,

૧૨. યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન ઇમરજન્સી ફંડ(યુનિસેફ) તથા તેના જેવી મહિલા અને બાળ કલ્યાણના સંદર્ભમાં કામ કરતી સંસ્થાઓ સાથેનો પત્ર વ્યવહાર,

૧૩. રાજય મહિલા આયોગને લગતી કામગીરી,

૧૪. મહિલાઓની જાતિય સતામણી–કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી(નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ)અધિનિયમ ૨૦૧૩,

૧૫. મહિલા સ્વાવલંબન યોજના,

૧૬. મહિલા સામાખ્ય(રદ કરેલ છે),

૧૭. વિધવાઓના પેન્શનને લગતી કામગીરી,

૧૮. (૧)(સામાન્ય વહીવટ વિભગને ફાળવેલ વિષયોમાં નોંધ નંબર–૪૫ હેઠળ આવી જતી હોઈ, તે સિવાયના) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ રાજયપત્રિત અધિકારીઓ અને બિન રાજયપત્રિત સરકારી કર્મચારીઓની નિમણુંકો, પદનિયુકિતઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણુંક, રજા મંજુરી, પેન્શન અંગેની તમામ બાબતો, (૨) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની સચિવાલય સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓને પેન્શન મંજુર કરવાને લગતી તમામ બાબતો, (૩) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ–૨ ના અધિકારીઓના સંબંધમાં : રજા મંજુર કરવી અને ગુજરાત રાજય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ–૬ ના અનુક્રમાંકો ૧ થી ૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા અને સદરહું નિયમ–૬ ના અનુક્રમાંકો ૩ થી ૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવાને લગતી તમામ બાબતો.(સા.વ.વિ. હેઠળની નોંધ નંબર–૪૫ પણ જુઓ)


૧૯. રાજયના હેતુઓ માટે સરકારમાં નિહીત થયેલા કે સરકારના કબજા હેઠળના અને મહિલા અને બાળ વિકાસ વિભાગને સોંપાયેલા કામ, જમીન અને મકાનો.

૨૦. આ સુચિમાં કોઇપણ બાબતના હેતુ માટે તપાસ અને આંકડા.

૨૧. કોઇ કોર્ટમાં લેવાતી ફી સિવાય આ સુચિમાંની કોઇ પણ બાબતો માટેની ફી.

## પરિશિષ્ટ–ખ

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**




**ખાતાના વડાઓ:–**

(૧) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, જુના સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, જુના સચિવાલય, ગાંધીનગર.

(૩) મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., ઉદ્યોગ ભવન, બ્લોક નં.૮/૯મો માળ, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, ૨૧, અશોકનગર સોસાયટી, પાલડી ભઠ્ઠા પાસે, અમદાવાદ.

(૫) નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, ઉદ્યોગ ભવન, બ્લોક નં.૮/૮મો માળ, ગાંધીનગર.

(૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, બ્લોક નં.૪/૧લો માળ, જુના સચિવાલય, ગાંધીનગર.

## ભાગ–૪

## નાણાકીય જોગવાઈની સમજુતી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતા નથી. પરંતુ આ અંગેની નીતિના અમલ ઉપર દેખરેખ રાખવાની કામગીરી હોય છે. આથી મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૨૨૫૧, સચિવાલય સામાજિક સેવાઓ (અ)૦૯૦–સચિવાલય હેઠળની મંજુર થયેલ ગ્રાન્ટ ઉપયોગ કર્મચારીના પગાર અને ભથ્થા માટે કરવામાં આવેલ છે.

| પે–મેટ્રીક્ષનુ લેવલ | પે–મેટ્રીક્ષના અનુરૂપ લેવલમાં લઘુત્તમ પગાર | ફીક્સ પગાર (રૂ.) | મંજુર થયેલ મહેકમ | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | |
| ૧૪૪૨૦૦–૨૧૮૨૦૦ | ૧૪૪૨૦૦ | | ૧ | - | - | - | ૧ |
| ૭૮૮૦૦–૨૦૯૨૦૦ | ૭૮૮૦૦ | | ૪ | - | - | - | ૪ |
| ૫૬૧૦૦–૧૭૭૫૦૦ | ૫૬૧૦૦ | | ૪ | - | - | - | ૪ |
| ૪૪૯૦૦–૧૪૨૪૦૦ | ૪૪૯૦૦ | | - | ૧૦ | - | - | ૧૦ |
| ૩૯૯૦૦–૧૨૬૬૦૦ | ૩૯૯૦૦ | | - | - | ૯ | - | ૯ |
| ના.સે.અ. ફિકસ | | ૪૯૬૦૦ | - | - | ૧૨ | - | ૧૨ |
| અંગત મદદનીશ ફિકસ | | ૪૯૬૦૦ | | | ૩ | | ૩ |
| ઓ.આસી. ફિકસ | | ૨૬૦૦૦ | - | - | ૧૦ | - | ૧૦ |
| ૧૪૮૦૦–૪૭૧૦૦ | ૧૪૮૦૦ | | - | - | - | ૧ | ૧ |
| લીગલ કન્સલ્ટન્ટ (ફીક્સ) | | ૬૦,૦૦૦ | - | - | ૧ | - | ૧ |
| ડ્રાઈવર (આઉટ સોર્સિંગ) | – | – | – | – | ૨ | – | ૨ |
| વર્ગ–૪ રોજમદાર | માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચૂકવવામાં આવે છે (કુલ–૮ રોજમદાર પટાવાળા) | | | | | ૮ | ૮ |
| કુલ સંખ્યા | | | ૯ | ૧૦ | ૩૭ | ૯ | ૬૫ |

સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમિયાન મહેસુલ સદરે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી.

**(રૂ.કરોડમાં)**

| **ક્રમાંક** | **વિગત** | **૨૦૨૪–૨૫ની જોગવાઇ** | |
|---|---|---|---|
| | | **મહેસૂલ** | **કુલ** |
| ૧ | ૨ | ૩ | ૫ |
| ૧ | માંગણી ક્રમાંક:૧૦૫ મુખ્ય સદર:૨૨૫૧ સચિવાલય, સામાજિક સેવાઓ | ૫.૫૬ | ૫.૫૬ |
| | કુલ | ૫.૫૬ | ૫.૫૬ |

વિભાગ ખુદ દ્વારા સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતાં નથી. ઉપર મુજબ થયેલ મહેસુલ સદરની જોગવાઇમાંથી કર્મચારીઓના પગાર, ભથ્થાં, કચેરી ખર્ચ, ફર્નિચરની ખરીદી તથા અન્ય પરચુરણ ખર્ચ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સરકારની કોમ્પ્યુટરાઇઝેશનની નીતિના અમલના સંદર્ભમાં વિભાગના કોમ્પ્યુટરાઇઝેશન વિશે આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી વર્ષ દરમ્યાન વિભાગ તેમજ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરી માટે કોમ્પ્યુટર હાર્ડવેરની ખરીદી તેમજ તેને સંલગ્ન ખરીદીઓ જેવી કે, કાગળો, કાર્ટીઝ, પેન ડ્રાઇવ, સીડી વગેરેમાં ખર્ચ કરવામાં આવેલ છે.

સને વર્ષ ૨૦૨૫–૨૬ના વર્ષ દરમિયાન મહેસુલ સદરે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમાંક | વિગત | ૨૦૨૫–૨૬ની જોગવાઇ | | |
|---|---|---|---|---|
| | | મહેસૂલ | મૂડી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | માંગણી ક્રમાંક: ૧૦૫ અને ૧૦૬ મુખ્ય સદર:૨૨૫૧ સચિવાલય, સામાજિક સેવાઓ<br>સદર:૪૦૭૦ મૂડી સદરે અન્ય વહીવટી સેવા | ૫.૭૮ | ૦.૧૭ | ૫.૯૫ |
| | કુલ રકમ રૂ. | ૫.૭૮ | ૦.૧૭ | ૫.૯૫ |

# કામગીરી અંદાજપત્ર:

# વર્ષ:- ૨૦૨૫-૨૬

# કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ

# ગાંધીનગર

# કમિશનરશ્રી (આઈ.સી.ડી.એસ.),

# સંકલિત બાળ વિકાસ યોજના

## પ્રસ્તાવના

રાજયમાં સૌપ્રથમ ૧૯૭૫માં છોટાઉદેપુર ખાતે આ યોજનાની શરૂઆત થયેલ હતી, ત્યારબાદ તબક્કાવાર સમગ્ર રાજયમાં આ કાર્યક્રમ અમલી બનેલ છે.

## પૂરક પોષણ કાર્યક્રમ

પોષણ કાર્યક્રમએ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક ભાગ છે.સંકલિતબાળ વિકાસ સેવા યોજના હેઠળ વિવિધ સેવાનું પેકેજ પુરૂ પાડવામાં આવે છે.સંકલિત બાળ વિકાસ સેવા યોજનાએ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે.સમાજના ૬ માસથી ૬ વર્ષ સુધીની વયના બાળકો તથા સગર્ભા/ધાત્રી માતાઓમાં પ્રવર્તતા કુપોષણને નિવારવા માટે રાજય સરકાર દ્વારા આ ઉણપ દૂર કરવા માટે પોષણ કાર્યક્રમનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ૬ માસ થી ૬ વર્ષની વયના સામાન્ય વજનવાળા બાળકો અને ઓછા વજનવાળા બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે, જયારે સગર્ભા-ધાત્રીમાતા અને કિશોરીઓને આયોજના હેઠળ ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

આ યોજના હેઠળ (૧) ૬ માસ થી ૬ વર્ષના બાળકો અને સગર્ભા/ધાત્રી માતાઓને પૂરકપોષણ (૨) પૂર્વ પ્રાથમિક શિક્ષણ (૩) રોગ પ્રતિકારક રસીઓ (૪) આરોગ્ય તપાસ (૫) રેફરલ સેવાઓ (૬) આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણની સેવાઓ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ મુખ્યત્વે બાળ વિકાસ યોજના અમલમાં છે.

રાજયમાં સૌ પ્રથમ ૧૯૭૫માં છોટાઉદેપુર ખાતે આ યોજના હેઠળ ઘટક મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ ઘટકોમાં ક્રમશ વધારો થયેલ છે. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૭ સુધીમાં ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો અને ૩૩૬ સંકલિત બાળ વિકાસ સેવા ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. કુલ ૩૩૬ ઘટકો પૈકી ૮૩ ઘટકો આદિજાતિ વિસ્તારોમાં અને ૨૩ ઘટકો શહેરી અને ગ્રામ્યના વિસ્તારોમાં ૨૩૦ ઘટકો મંજૂર કરવામાં આવેલ છે. નવેમ્બર ૨૦૨૩ અંતિત ૪૨૬ ઘટકો અને ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે. જેમાં ૩૬.૨૨ લાખ લાભાર્થીઓને (નવેમ્બર–૨૦૨૩ અંતિત) આવરી લેવામાં આવ્યા છે.

આ યોજનાના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧. ૦ થી ૬ વર્ષના બાળકોનું પોષણ અને આરોગ્ય સ્તર સુધારવું.

૨. બાળકોના શારીરીક, માનસિક અને સામાજિક વિકાસનો પાયો નાખવો.

૩. બાળ મૃત્યુ, બાળરોગ અને કુપોષણ તથા અધવચ્ચે શાળા છોડી જવાનું પ્રમાણ ઘટાડવું.

૪. બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ ખાતા અને વિભાગ વચ્ચે કાર્યક્રમના અમલ માટે અસરકારક સંકલન કરવું.

૫. પોષણ અને આરોગ્ય અંગેના વ્યવિસ્થત શિક્ષણ દ્વારા બાળકના પોષણ અને આરોગ્ય અંગેની સામાન્ય કાળજી રાખવા માતાઓની કાર્યક્ષમતા સુધારવી.

રાજ્ય સરકાર આયોજિત ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ પોષણ કાર્યક્રમને આવરી લેવામાં આવેલ છે તેમજ દર માસે આ કાર્યક્રમ હેઠળ થયેલ સિદ્ધિની સમીક્ષા કરવામાં આવે છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ સને ૨૦૨૪-૨૫ના વર્ષે ભારત સરકારે આપેલ લક્ષ્યાંક સામે ઓક્ટોબર-૨૦૨૪ અંતિત સિદ્ધિ નીચે પ્રમાણે છે.

| વિગત | લક્ષ્યાંક | સિદ્ધિ | સિદ્ધિ ટકામાં |
|---|---|---|---|
| **ઘટકો** | ૪૨૬ | ૪૨૬ | ૧૦૦.૦૦ % |
| **આંગણવાડીઓ** | ૫૩૦૬૫ | ૫૩૦૬૫ | ૧૦૦.૦૦ % |
| **લાભાર્થીઓ** | ૩૨.૭૨ લાખ | ૨૯.૬૦ લાખ | ૯૦.૪૬ % |

૩૧ મી ઑક્ટોબર-૨૦૨૪ ના અંત સુધીમાં ૫૩૦૬૫ આંગણવાડીઓ કાર્યાન્વિત છે તથા ૩૩૬ ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. કુલ ૪૨૬ ઘટકો પૈકી ૧૦૬ ઘટકો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૮ ઘટકો શહેરી અને ૨૮૨ ઘટકો ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાપવામાં આવ્યા છે અને આંગણવાડી કેન્દ્રોમાં ૨૯.૬૦ લાખ લાભાર્થીઓને પુરકપોષણ માટે આવરી લેવામાં આવ્યા છે.

**પૂરક પોષણ માટેના દૈનિક ખર્ચ મર્યાદા અને કેલરી-પ્રોટીનની માત્રાના ધોરણો નીચે મુજબ છે.**

**(**૧) ૬ માસથી ૬ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોનેપ્રતિ લાભાર્થી પ્રતિદિવસ રૂ.૮.૦૦ ના ખર્ચની મર્યાદામાં ૫૦૦ કેલરી અને ૧૦-૧૨ ગ્રામ પ્રોટીન મળી રહે તે મુજબ પૂરક પોષણ આપવામાં આવે છે. જેમાં ૫૦% કેન્દ્ર સરકારના અને ૫૦% રાજ્ય સરકારના હિસ્સા મુજબ રૂ.૪.૦૦ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૪.૦૦ કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

(૨) ૬ માસથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ.૧૨/- ની મર્યાદામાં ૮૦૦ કેલરી અને ૨૦-૨૫ ગ્રામ પ્રોટીન આપવામાં આવે છે. પુરક પોષણ યોજના માટે ૫૦%-૫૦% શેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.૬/-રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૬/- કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

(૩) સગર્ભા અને ધાત્રી માતા માટે પ્રતિદિન પ્રતિ લાભાર્થી રૂ.૯.૫૦ ની મર્યાદામાં ૧૮-૨૦ ગ્રામ પ્રોટીન અને ૬૦૦ કેલરી મળી રહે તે મુજબ પૂરક-પોષણ આપવામાં આવે છે. પૂરક પોષણ યોજના માટે ૫૦% -૫૦% શેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.૪.૭૫ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૪.૭૫ કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**આ યોજના માટે નીચે જણાવેલ અમલીકરણ ઢાંચો અસ્તિત્વમાં છે.**

**અમલીકરણનો ઢાંચો**

**આ કાર્યક્રમ નીચેના અમલીકરણના ઢાંચામાં રહીને પંચાયત અને આરોગ્યના કર્મચારીઓ દ્વારા તેઓની દેખરેખ હેઠળ ચલાવવામાં આવે છે.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર**

**કમિશનરશ્રી/નિયામકશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર**

**પ્રોગ્રામ ઓફીસરની કચેરી/સંબંધિત જિલ્લા પંચાયત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મ્યુનિ.કોર્પોરેશન/મ્યુ.કમિશ્નરશ્રીની કચેરી**

**સંકલિત બાળ વિકાસ અધિકારીની કચેરી – સંબંધિત તાલુકા પંચાયત/ સંબંધિત મ્યુ. કોર્પોરેશન- સ્વૈચ્છિક સંસ્થા- સંબંધિત મ્યુ. કમિશનરશ્રી - સંકલિત બાળ વિકાસ અધિકારીશ્રી – તાલુકા વિકાસ અધિકારીશ્રી - મુખ્ય સેવિકાઓ - પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીશ્રીઓ**

**સ્થાનિક કક્ષાની નંદઘર (આંગણવાડીઓ)–નંદઘર વર્કર–હેલ્પર–સુપરવાઇઝર–ફીમેલ હેલ્થ વર્કર**

## વિભાગ–૨

પોષણ કાર્યક્રમ હેઠળ છેલ્લા  પાંચ વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ભૌતિક લક્ષ્યાંક સામે થયેલ પ્રગતિ નીચે મુજબ છે.

| અનુક્રમ | વર્ષ | ભૌતિક લાભાર્થી લક્ષ્યાંક અને સિધ્ધિ | | |
|---|---|---|---|---|
| | | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિધ્ધિ | લાભાર્થી સિધ્ધિ ટકામાં |
| ૧ | ૨૦૨૦–૨૧ | ૫૭૩૬૧૧૧ | ૫૨૭૫૬૦૨ | ૯૧.૯૭ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૫૪૩૬૦૫૬ | ૫૩૩૧૫૪૩ | ૯૮.૦૮ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૩૮૬૪૮૩૩ | ૩૬૭૯૦૭૮ | ૯૫.૧૯ |
| ૪ | ૨૦૨૩–૨૪ | ૩૯૭૯૭૦૬ | ૩૧૦૧૬૬૨ | ૭૭.૯૪ |
| ૫ | ૨૦૨૪–૨૫ | ૩૨૭૧૫૭૬ | ૨૯૬૦૧૬૪ ઓક્ટોબર–૨૦૨૪ અંતિત | ૯૦.૪૮ |

## વિભાગ–૩

**મહત્વના કાર્યક્રમ પરત્વે કામગીરી સમીક્ષા**

**પૂરક પોષણ કાર્યક્રમ** :–

પોષણ કાર્યક્રમએ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક ભાગ છે.સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ વિવિધ સેવાનું પેકેજ પુરૂ પાડવામાં આવે છે.સંકલિત બાળ વિકાસ સેવા યોજના એ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે.સમાજના ૬ માસથી ૬ વર્ષ સુધીની વયના બાળકો તથા સગર્ભા/ધાત્રી માતાઓમાં પ્રવર્તતા કુપોષણને નિવારવા માટે રાજય સરકાર દ્વારા આ ઉણપ દૂર કરવા માટે પોષણ કાર્યક્રમનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ૬ માસ થી ૬ વર્ષની વયના સામાન્ય વજનવાળા બાળકો અને ઓછા વજનવાળા બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે.અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે,જયારે સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આયોજના હેઠળ ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

ભારત સરકારશ્રીના નક્કી થયેલ દર મુજબ અત્રેની કચેરીના  સુધારા પરિપત્ર તા. ૧૭/૧૦/૨૦૧૯ થી પૂરક પોષણ યોજના માટે પુનઃસુધારેલ દર નીચે મુજબ નક્કી કરેલ છે જે તમામ જિલ્લાઓમાં અમલમાં મૂકાયેલ છે.

| લાભાર્થી વર્ગ | સુધારેલ દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન) | કેલેરી ( કેલેરી) | પ્રોટીન (ગ્રામ) |
|---|---|---|---|
| બાળકો (૬ માસ થી ૭૨ માસ) | રૂ ૮.૦૦ | ૫૦૦ | ૧૨–૧૫ |
| અતિ ઓછા વજનવાળા બાળકો (૬ માસથી ૭૨ માસ) | રૂ ૧૨.૦૦ | ૮૦૦ | ૨૦–૨૫ |
| સગર્ભા–ધાત્રી માતા અને કિશોરીઓ | રૂ ૯.૫૦ | ૬૦૦ | ૧૮–૨૦ |

## પૂરક પોષણકાર્યક્રમ હેઠળ અમલી યોજનાઓ :

### ૧ .બાળકો માટે ગરમ ભોજન અને ફળ–:

આંગણવાડીમાં આવતા ૩ વર્ષથી ૬ વર્ષના તમામ બાળકોને સવારે ગરમ નાસ્તો અને બપોરનું એક સમયનું ગરમ ભોજન તૈયાર કરી આપવામાં આવે છે. ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ તેમજ **NFSA** એક્ટને ધ્યાને લેતા આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને સવાર અને બપોરના ગરમ ભોજન માંથી ૫૦૦ કેલરી અને ૧૨–૧૫ પ્રોટીન મળી રહે તે મુજબ તેઓ માટે પૌષ્ટિક મેનુ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે આ બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફળ આપવામાં આવે છે.

### ૨. ટેકહોમ રેશન :–

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ૬ માસથી ૩ વર્ષ સુધીના તમામ બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરી લાભાર્થીઓને પૂરક પોષણ આહાર તરીકે બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન(**THR**) તરીકે આપવામાં આવે છે. હાલમાં ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (**GCMMF**)મારફતે કરવામાં આવેલ છે,. જેમાં લાભાર્થીને નિર્ધારીત પ્રોટીન, કેલરી અને માઇક્રોન્યુટ્રીશન મળી રહે તે રીતે તૈયાર કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે

- **બાલશકિત** –:૬ માસથી ૩ વર્ષના વય જૂથના બાળકોનું પોષણસ્તર ઉચ્ચું લાવવા માટે વિશેષ પૂરક આહાર "બાલશક્તિ" તૈયાર કરવામાં આવ્યો છે .આ માટે સામાન્ય વજનવાળા ૬ માસ થી ૩ વર્ષના બાળકો કે જેમને ૫૦૦ કેલરી અને ૧૦–૧૨ ગ્રામ પ્રોટીન મળી રહે તે માટે બાલશકિતના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ,તેમજ અતિઓછા વજનવાળા ૬ માસથી ૩ વર્ષના બાળકોને ૮૦૦ કેલરી અને ૨૦–૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તે બાળકોને ૫૦૦ ગ્રામના ૧૦ પેકેટ અને ૩ વર્ષથી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ૫૦૦ગ્રામના ૪ પેકેટ ટેક હોમ રેશન આપવામાં આવે છે .

- **માતૃશકિત** –:પૂરક પોષણ યોજના હેઠળ સગર્ભા અને ધાત્રીમાતાઓને ૬૦૦ કેલરી અને ૧૮–૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર ટેકહોમ રેશન તરીકે આપવામાં આવે છે.સગર્ભા અને ધાત્રીમાતાઓને માતૃશકિતના ૧ કિ.ગ્રાના ૪ પેકેટ ટેકહોમ રેશન તરીકે આપવામાં આવે છે.
- **પૂર્ણાશકિત** –: પૂરક પોષણ યોજના હેઠળ કિશોરીઓને ૬૦૦ કેલરી અને ૧૮–૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર ટેકહોમ રેશન તરીકે આપવામાંઆવેછે.કિશોરીઓને પુર્ણાશકિતના ૧ કિ.ગ્રાના ૪ પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

હાલમાં તમામ જિલ્લામાં ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા **GCMMF** મારફતે તમામ ઘટકોમાં કરવામાં આવેલ છે જે અન્વયે.ઓક્ટૉબર–૨૪ અંતિત અંદાજીત કુલ ૧૭.૩૩ લાખ લાભાર્થીઓને ટેકહોમ રેશન હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**૩ .દૂધ સંજીવની યોજના** –:

રાજયના ૨૦ જિલ્લાઓના ૧૦૫ આદિજાતિ ઘટકોમાં અને ૩૬ વિકાસશીલ ઘટકો મળી કુલ ૧૪૧ ઘટકોમાં દુધ સંજીવની યોજના અમલમાં છે.આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦મિલી.પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે અને સગર્ભા,ધાત્રી માતાઓને અઠવાડીયામાં ૨ દિવસ ૨૦૦ મી.લી પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે .જે અન્વયે ઓક્ટોમ્બર–૨૪ અંતિત અંદાજીત કુલ ૯.૮૨ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

**૪.પોષણ સુધા યોજના** :–

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ મહત્વપુર્ણ છે .આ અવસ્થા દરમિયાન માતાઓને ગર્ભમાં રહેલ શિશુના વિકાસ અને જન્મબાદ સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરીયાત રહે છે. જેને ધ્યાને લેતા, ગુજરાત સરકાર દ્વારા વર્ષ–૨૦૨૨–૨૩ થી રાજ્યના તમામ ૧૪ આદિજાતી જિલ્લાના તમામ ૧૦૬ આદિજાતી ઘટકોમાં આ યોજના ચાલુ કરવામાં આવેલ છે . જે અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે, તથા તેની સાથે–સાથે ફોલિક એસીડ (આઈ.એફ.એ.) અને કેલ્શિયમની ગોળી પણ આપવામાં આવે છે . જે અન્વયે ઓક્ટોમ્બર–૨૪ અંતિત અંદાજીત કુલ ૭૨૭૦૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

**૫. ગેસ કનેકશન/ગેસ રીફીલીંગ વગેરે સુવિધાઓ**:–

વર્ષ ૨૦૨૫–૨૬ માં આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન તેમજ રિપેરીંગ ખર્ચ માટે રૂ. ૩૮૧.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ રીફીલીંગ ખર્ચ માટે આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૧૦૫૦/– લેખે વાર્ષિક ૩ બોટલ મુજબ કુલ રૂ.૧૬૮૬.૦૦ લાખ મળી કુલ ૨૦૬૭.૦૦ લાખ જેટલો ખર્ચ થવા સંભવ છે.

**૬. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના** :

પ્રથમ વખત સગર્ભાવસ્થાની નોંધણીથી સંભવીત પ્રસુતિની તારીખ સુધી તેમજ પ્રથમ બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના બાળકની માતાની આંગણવાડીમાં નોંધણી ફરજીયાત, આધારકાર્ડ ટેકો આઈડી સાથે લીંક હોવું જોઇએ. વર્ષ–૨૦૨૨–૨૩ થી રાજ્યના તમામ જિલ્લાઓના આંગણવાડી કેન્દ્રમાં પ્રથમ વખત સગર્ભાવસ્થાની નોંધણીથી

સંભવીત પ્રસુતિની તારીખ સુધી તેમજ પ્રથમ બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના બાળકની માતાઓને દર માસે એક્સ્ટ્રા રો રેશનમાં ૧ કિલો તુવેરદાળ , ૨ કિલો ચણા. ૧ કિલો ફોર્ટિફાઈડ સીંગતેલ આપવામાં આવે છે.

## ૭.અન્ય મુખ્ય યોજનાઓની વિગતો:–

**૭.૧ ઘટક અને સેજા કચેરીનું જાળવણી:** રાજ્યમાં પોતાના સરકારી મકાન ધરાવતી કચેરીમાં વાર્ષિક મેઇન્ટેનન્સ તરીકે માર્ગ અને મકાન વિભાગના વર્ષ–૨૦૦૮ના ઠરાવ અનુસાર હયાત સરકારી કચેરીના વાર્ષિક મેઇન્ટેનન્સ માટે પ્રતિ ચો.મી રૂ.૧૮૩.૦૦ ની જોગવાઇ સુચવેલ છે. જેમાં બારી અને દરવાજાનું રિપેરીંગ, પ્લબીંગને લગત કામગીરી, ફ્લોરીંગ, પ્લાસ્ટરીંગ, કલરકામ, છત રિપેરીંગ અને ઇલેક્ટ્રીફિકેશનને લગત કામગીરીનો સમાવેશ થાય છે. વર્ષ 2025–26માં રૂ.1.00 લાખની ચાલુ બાબત તરીકે સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

### ૭.૨ ઘટક કચેરીનું રિનોવેશન–

રાજ્યમાં જે ઘટક કચેરીઓને લાંબા સમય સુધી બેઠક વ્યવસ્થા ફાળવેલ હોય તેવી કચેરીઓ માટે સદર નવી બાબત સુચવેલ છે. આ કચેરીઓમાં પડતી વધારાની જરૂરીયાત જેમ કે મોટા સમારકામની જરૂરીયાત, જરૂરી ફર્નિચરની ખરીદી વગેરે જેવી વસ્તુઓ માટે પ્રતિ ઘટક કચેરી દીઠ રૂ.૫.૦૦ લાખ લેખે ૧ ઘટક કચેરી માટે કુલ રૂ.૫.૦૦ લાખની વર્ષ ૨૦૨૫–૨૬ માં ચાલુ બાબત સુચવેલ છે.

### ૭.૩ આંગણવાડી કેન્દ્રોના મેઇન્ટેનન્સ અને નવીનીકરણ–

હાલમાં રાજ્યમાં ૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાંથી ૩૬૭૮૮ પોતાના મકાનમાં કાર્યરત છે. રાજ્ય સરકારની આંગણવાડીઓમાં હયાત બાંધકામ સારૂ રહે અને લાબાં સમય સુધી ટકે તે માટે રાજ્યનાં આંગણવાડીઓની સમયસર આંગણવાડી કેન્દ્રોનું મેઈન્ટેનન્સ અને રીનોવેશન થાય તે જરૂરી છે. તે માટે વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ૨૫૦૦ પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેંદ્રો માટે રૂ.૨.૦૦ લાખ યુનિટ કોસ્ટ મુજબ કુલ રૂ.૫૦.૦૦ કરોડની ચાલુ બાબત સુચવેલ છે.

### ૭.૪ આંગણવાડી કેંદ્રોના મરામત–

હાલમાં રાજ્યમાં ૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાંથી ૩૬૭૮૮ પોતાના મકાનમાં કાર્યરત છે. રાજ્ય સરકારની આંગણવાડીઓમાં હયાત બાંધકામ સારૂ રહે અને લાબાં સમય સુધી ટકે તે માટે રાજ્યના આંગણવાડીઓની સમયસર મરામત થાય તે જરૂરી છે. તે માટે વર્ષ ૨૦૨૫–૨૬ માં ૩ વર્ષથી પોતાના મકાન ધરાવતા કુલ ૩૪૮૧૩ આંગણવાડી કેંદ્રો માટે પ્રતિ ચો.મી. ૧૫૩/– લેખે વાર્ષિક રૂ.૮૫૦૦ યુનિટ કોસ્ટ મુજબ રૂ.૨૯.૫૯૧૧ કરોડની ચાલુ બાબત સુચવેલ છે.

### ૭.૫. રીવાઇઝ સ્કિમ ફોર એડોલસન્ટ ગર્લ્સ –(RSAG):–

જાન્યુ–૨૦૨૩ થી રાજયના એસ્પીરિશનલ જિલ્લા દાહોદ અને નર્મદામાં ૧૪ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે રીવાઇઝ એસ.એ.જી યોજના અમલી બની છે. આ યોજના હેઠળ પોષણ અને બિન–પોષણ સેવાઓ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં વાર્ષિક ૩૦૦ દિવસ માટે રૂ. ૯.૫/– લેખે કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે, જેમાં ભારત સરકાર અને ગુજરાત સરકારનો ફાળો ૫૦:૫૦ મુજબ છે. બિન પોષણ સેવામાં–જીવન કૌશલ્ય

તાલીમ, આરોગ્ય તપાસ તેમજ જાહેર સ્થળોની મુલાકાત જેવી સેવાઓ આપવામાં આવે છે. એપ્રિલ–૨૦૨૪ માસના મુજબ પોષણ ટ્રેકરના આધારે ૧૪ થી ૧૮ વર્ષની કુલ ૬૭૨૯૩ કિશોરીઓ લાભ લઈ રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં ટ્રાયબલના સ્ટેટ સદરે કુલ રૂ. ૯.૫૯ કરોડ અને ટ્રાયબલના સી.એસ.એસ સદરે કુલ રૂ. ૯.૫૯ કરોડ એમ કુલ રૂ. ૧૯.૧૮ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૭.૬ પુર્ણા યોજના:–

એપ્રિલ–૨૦૧૮ થી રાજ્યમાં પૂર્ણા યોજના ૧૦૦% રાજ્યના ફાળાથી અમલી છે. આ યોજના હેઠળ પોષણ અને બિન–પોષણ સેવાઓ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં વાર્ષિક ૩૦૦ દિવસ માટે રૂ.૯.૫/– લેખે કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે. હાલમાં રાજયના દાહોદ અને નર્મદા જિલ્લા સિવાયના તમામ જીલ્લા અને કોર્પોરેશન વિસ્તારમાં ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ (શાળા એ જતી તેમજ ન જતી) પૂર્ણા યોજના હેઠળ પૂરક પોષણ સેવાનો લાભ લઈ રહી છે. બિન–પોષણ સેવામાં પ્રતિ આંગણવાડી દીઠ પ્રતિ ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી માટે રૂ.૧૪૦/– લેખે જોગવાઇ કરવામાં આવે છે, જે અંતર્ગત વ્યવસાયિક તાલીમ, જીવન કૌશલ્ય તાલીમ તેમજ જાહેર સ્થળોની મુલાકાત જેવી સેવાઓ આપવામાં આવે છે. પૂર્ણા યોજનાના યોગ્ય મોનીટરીંગ માટે પૂર્ણા માનવબળની ભરતી કરવામાં આવે છે. ઓગષ્ટ-૨૦૨૪ માસના માસિક પ્રગતિ અહેવાલ મુજબ ૧૫ થી ૧૮ વર્ષની કુલ ૯૫૩૩૪૭ કિશોરીઓ લાભ લઈ રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં જનરલ સદર "પૂર્ણા" યોજના હેઠળ ચાલુ બાબતે કુલ રૂ. ૩૩૫.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

## ૭.૭ માતા યશોદા એવોર્ડ :

- મહિલા અને બાળ વિકાસ અંતર્ગત સમગ્ર રાજ્યમાં કુલ **૫૩૦૬૫** આંગણવાડીઓ કાર્યરત છે.
- આંગણવાડી કાર્યકર/તેડાગર શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવાના આશયથી **માતા યશોદા એવોર્ડની યોજના વર્ષ:૨૦૦૬–૦૭ થી અમલમાં મુકવામાં આવેલ છે.** આંગણવાડી કેંદ્રો પરના આંગણવાડી માનદ કાર્યકર અને માનદ તેડાગર આ યોજનાના લાભાર્થી અને તંત્ર વચેચેની કડી છે. આ માનદ કાર્યકરોની સેવાને પ્રોત્સાહન પુરુ પાડવાના આશયથી રાજ્ય સરકાર તરફથી માતા યશોદા એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૦૭/સીએમ.૧/બ થી વર્ષ **૨૦૨૦–૨૧થી મુખ્ય સેવિકાને પણ એવોર્ડ આપવાનુ ઠરાવેલ છે.**

## અ) રાજ્યકક્ષાનો એવોર્ડ:

- રાજ્યના ચાર ઝોન પૈકી દરેક ઝોનમાંથી એક મુખ્ય સેવિકા,એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે. તેની રકમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુખ્ય સેવિકા | રૂ. ૬૧૦૦૦/– |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૫૧૦૦૦/– |
| આંગણવાડી તેડાગર | રૂ. ૩૧૦૦૦/– |

## (બ) જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાનો એવોર્ડ:

દરેક જિલ્લા/ મહાનગરપાલિકામાંથી એક મુખ્ય સેવિકા,એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે.તેની રકમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુખ્ય સેવિકા | રૂ. ૪૧૦૦૦/- |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૩૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૨૧૦૦૦/- |

દરેક જિલ્લાના/મહાનગરપાલિકાના દરેક ઘટકમાંથી એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે. જેની રકમ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | આંગણવાડી કાર્યકર | રૂ. ૨૧૦૦૦/- |
| ૨ | આંગણવાડી તેડાગર | રૂ. ૧૧૦૦૦/- |

વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧.૯૯ કરોડની બજેટ જોગવાઇ મંજુર થયેલ છે. અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૨.૦૧ કરોડની બજેટ જોગવાઇ ચાલુ બાબત તરીકે સુચિત કરવામાં આવેલ છે.

## ૭.૮માતા યશોદા ગૌરવ નિધી વીમા યોજના :

- ❖ માતા યશોદા ગૌરવ નિધિ યોજના મહિલા અને બાળ વિકાસ વિભાગના આઇસીડી/૧૦૨૦/૦૭/૧૬૯૦ બ તા.૨૩/૦૧/૨૦૦૯ ના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૦૯ થી અમલીકરણ કરવામાં આવ્યુ છે.
- ❑ યોજનામાં જમા કરવાની થતી રકમ:-
- ❖ આ યોજનામાં પ્રિમિયમ ની રકમ રૂ.૧૦૦/- છે, જેમાંથી રૂ!.૫૦/- ના ફાળો રાજય સરકાર ભોગવે છે અને બાકીના રૂ!. ૫૦/- નો ફાળો વીમા પોલિસી ધારક આંગણવાડી કાર્યકર/ તેડાગર બહેને ચૂકવવાનો રહે છે. માસિક રૂ!. ૧૦૦/- ના પ્રિમિયમ પૈકી રૂ!. ૧૭/- ની રકમ વીમા પેટે તથા બાકી રહેતી રૂ!. ૮૩/- ની રકમ વીમાધારકની બચત તરીકે જમા થાય છે.
- ❑ યોજનાનો લાભ:-
- ❖ વીમાધારક આંગણવાડી કાર્યકર કે તેડાગર બહેન વયનિવૃત થાય ત્યારે તેને તેના ખાતે જમા બચત રકમ વ્યાજ સહિત મળવાપાત્ર થાય છે.
- ❖ જો વયનિવૃતિ પહેલાં અવસાન પામે તો વીમાની રકમ પેટે રૂ!. ૫૦,૦૦૦/- અને તેના ખાતે જમા બચતની રકમ વ્યાજ સહિત તેના વારસદારને ચૂકવવામાં આવે છે.
- ❖ આ યોજના હેઠળ આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે ફરજ બજાવતા હોય અને એક વર્ષની માનદ સેવા પૂર્ણ કરી હોય તેવા તમામ બહેનોને આવરી લેવામાં આવેલ છે.
- ❖ વર્ષ ૨૦૨૪-૨૫ માં ૬.૨૫૫૫ કરોડની બજેટ જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૩૭ કરોડની ચાલુ બાબતની સુચિત બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૭.૯ કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ બનાવવુ

- માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને" સુપોષિત ગુજરાત "અંતર્ગત થયેલ કામગીરી અને ગુજરાતની પોષણની સ્થિતિ બાબતે તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ બેઠક યોજાયેલ હતી .મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત થયેલ કામગીરીનું રિયલ ટાઇમ મોનિટરિંગ કરી શકાય તે માટે મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર બનાવવા માટે સુચના આપવામાં આવી હતી.

- માન.મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્યના વરદ હસ્તે તા.૭ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત ૧૬–ડેસ્ક ઓપરેટર કોલ સેન્ટર એક્ઝેક્યુટિવ ૧–ટીમ લીડર અને ૧–પ્રોજેક્ટ મેનેજર લેવામાં આવેલ છે જે તમામ જીલ્લાઓના અધિકારી તથા કર્મચારી અને કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસના લાભાર્થીઓ સાથે સમયાંતરે સંવાદ કરે છે .તેમના દ્વારા વિવિધ યોજનાઓનું સઘન મોનીટરીંગ કરવામાં આવે છે અને નવેમ્બર–૨૦૨૪ સુધીમાં ૧૩.૩૧ લાખ જેટલા કોલ કરવામાં આવ્યા છે .આ બાબતની સીધી અસર યોજનાઓના અમલીકરણમાં થાય છે.
- સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર ઓપરેશનલાઝેશન માટે વર્ષ ૨૦૨૪–૨૫ માં ૦. ૬૨ કરોડ ૧૦૦ %રાજ્ય ફાળો ગ્રાન્ટ માગણી કરવામાં આવેલ છે .વર્ષ ૨૦૨૫–૨૬ માટે સુચિત બજેટ જોગવાઈ અંદાજીત ૦.૭૦ કરોડ ૧૦૦ %રાજ્ય ફાળો કરવામાં આવેલ છે.

**૭.૧૦પોષણ અભિયાન યોજના:**

ભારત સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ “મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦” ની વહીવટી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. જેમાં અગાઉથી રાજ્યમાં અમલીકરણ કરવામાં આવી રહેલ પોષાણ અભિયાનને “મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦” કાર્યક્રમ તરીકે નામકરણ કરવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ પ્રવૃત્તિઓ થકી કુપોષણને દૂર કરવાનો છે.

આ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રો ખાતે બે મંગળદિનની ઉજવણી કરવામાં આવે છે. જે માટે પ્રતિ મંગળદિનની ઉજવણી માટે રૂ.૨૫૦/– ફાળવવામાં આવે છે. તથા આંગણવાડી વર્કર બહેનોને રૂ.૫૦૦/– અને હેલ્પર બહેનોને રૂ.૨૫૦/– લેખે સારી કામગીરી માટે માસિક ઈન્સેન્ટીવ પણ ચુકવવામાં આવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં સી.એસ.એસ સદરે કુલ રૂ.૬૧.૪૫ કરોડ અને સ્ટેટ સદરે રૂ.૪૦.૯૭ કરોડ એમ કુલ રૂ.૧૦૨.૪૨ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**૭.૧૧ તાલીમ, એડવોક્સી, આઈ.ઈ.સી. (ટી.એ.આઈ.)**

**(૧) રીફ્રેશર તાલીમ:–** આઈ.સી.ડી.એસ. સેવા યોજના અંતર્ગત કાર્યરત મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર, તથા આંગણવાડી તેડાગર બહેનોની સમયાંતરે ક્ષમતાવર્ધન કરવા માટે દર બે વર્ષે એકવાર રીફ્રેશર તાલીમ આપવામાં આવે છે. જેની ગ્રાન્ટ (૧૦૦% સ્ટેટ બર્ડન) અત્રેથી ફાળવવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં આ તાલીમ માટે રૂ.૩૫૮.૮૩ લાખની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૨) સ્તનપાન તાલીમ:–** ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના આઇસીડીએસ અંતર્ગત સમાજમાં સ્તનપાન અને પૂરક આહાર વિષે જ્ઞાન વધારવા ખોટી ધારણાઓ અંગે ગેરસમજણ દૂર કરવા/પરંપરા/સ્તનપાન અંગેની પૂરતી જાગૃતિ અને સંપૂર્ણ માહિતીથી આંગણવાડી કાર્યકરોને સંપૂર્ણ સજ્જ કરવા માટે સ્તનપાન (ઈન્ફન્ટ અને યંગ ચાઈલ્ડ ફીડીંગ) IYCF ની તાલીમ આપવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૧૪ આદિજાતી જિલ્લાના આંગણવાડી કાર્યકર બહેનોને તથા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ ૨૭ બિન આદિજાતી જિલ્લા/કોર્પો.ના આં.તેડાગર બહેનોને ઉક્ત તાલીમ આપવામાં આવેલ છે. સદરહું તાલીમ દર બે વર્ષે એક વાર જ આપવાની રહેતી હોઈ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં ઉક્ત તાલીમ માટે કુલ રૂ.૧.૦૦ લાખની ટોકન જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૩) રસોઈ(વાનગી) તાલીમ**:– હાલમાં ચાલી રહેલ કુપોષણ દૂર કરવાની ઝુંબેશના ભાગરૂપે આંગણવાડી કેન્દ્ર ખાતે ફરજ બજાવતી હેલ્પર બહેનો કુકીંગ મેથડ પ્રમાણે, ન્યુટ્રીટીવ વેલ્યુ જળવાઈ રહે અને મેનુ મુજબના પ્રમાણમાં

ખાદ્યસામગ્રીનો વપરાશ કરી પોષ્ટીક, સ્વાદિષ્ટ વાનગી સમય મર્યાદામાં તૈયાર કરી સ્વચ્છ રીતે બાળકોને જમાડે તથા તેની કેલેરી/પ્રોટીનની માત્રા જળવાઈ રહે તે મુજબ રસોઈ કરે તે હેતુથી આંગણવાડી તેડાગર બહેનોને રસોઈ તાલીમ આપવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં આ તાલીમ માટે રૂ.૨૦.૮૫ લાખની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૪) CCCD (ચાઈલ્ડ કેર ડિપ્લોમાં) કોર્સ:-** આંગણવાડી કાર્યકર બહેનોને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત "Certificate in Child Care and Development (CCCD)" નો ડીપ્લોમાં કોર્સ કરાવવામાં આવે છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન CCCD અભ્યાસક્રમમાં ધોરણ ૧૨ પાસ ઉમેદવારો અરજી કરી શકે છે. યુનિવર્સિટી તરફથી વર્ષમાં બે વખત અભ્યાસક્રમ માટે ફોર્મ ભરવા માટે જાહેરખબર આપવામાં આવે છે ત્યારે ઉમેદવારોએ નાંમાંકન કરવાનુ રહે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬માં આ તાલીમ માટે રૂ.૧.૦૦ લાખની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૫) મીટીંગ, વર્કશોપ, સેમિનાર, અને સ્ટડીઝ:–** ગુજરાત સરકારની મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૨/ ૪૯૭૮/ બ તા.૨૯/૦૪/૨૦૧૩ થી વર્ષ ૨૦૧૩–૧૪માં નવી બાબત તરીકે વર્ષ દરમ્યાન મીટીંગો, યોજનાકીય પ્રચાર–પ્રસાર, સમીક્ષા અને અમલીકરણ અને હેતુ સિધ્ધિ અર્થે જરૂરી કામગીરી અન્વયે વર્કશોપ, સેમીનાર, રીસર્ચ અને સ્ટડી, સંમેલનો, યોજનાકીય મેળાઓ, ઉત્સવો, પ્રદર્શનો તેમજ વિવિધ કોન્ફરન્સ, રાજય સરકાર દ્વારા નકકી થયેલ દિન/સપ્તાહની ઉજવણીઓ માટે મંજુરી આપવમાં આવેલ છે.

જે અન્વયે વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ઉપરોકત બાબતોને પહોંચી વળવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રૂા.૧૦૧.૨૫ લાખની મંજુરી આપવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં મીટીંગો,યોજનાકીય પ્રચાર–પ્રસાર,સમીક્ષા અને અમલીકરણ અને હેતુ સિધ્ધિ અર્થે જરૂરી કામગીરી અન્વયે વર્કશોપ, સેમીનાર, રીસર્ચ અને સ્ટડી, સંમેલનો,યોજનાકીય મેળાઓ, ઉત્સવો,પ્રદર્શનો તેમજ વિવિધ કોન્ફરન્સ, રાજય સરકાર દ્વારા નકકી થયેલ દિન/સપ્તાહની ઉજવણીઓ માટે કુલ રૂ.૧૦૧.૨૫ લાખની સૂચિત બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૬) આઈ.ઈ.સી. :–** રાજ્ય કક્ષાએથી સંકલિત બાળ વિકાસની યોજનાકીય માહિતી લોકો સુધી પહોંચાડવા માટે તેમજ મહિલાઓ, કિશોરીઓ તથા બાળકોમાં પોષણ સ્તરમાં વધારો કરવા રાજ્ય કક્ષાએથી વિવિધ માધ્યમોથી જેમકે, રાજ્યના પરીવહન નિગમ સંચાલિત એસ.ટી.બેક પેનલ, ટ્રેન પેનલ, રીક્ષા પેનલ, મ્યુનિસિપલ કોર્પોરેશન બસ શેલ્ટર, બીઆરટીએસ બસ શેલ્ટર, યુનિપોલ, સોશિયલ મિડિયા દ્વારા, ન્યુઝ પેપરમાં જાહેરાત દ્વારા, ગુજરાતના પ્રચલિત મેગેઝિન દ્વારા જાહેરાત કરવી, પ્રચાર અને પ્રસાર માટેનું સાહિત્ય પ્રિન્ટિંગ કરાવવું, ખાનગી રેડીયો સ્ટેશનો, આકાશવાણી, દૂરદર્શન તેમજ ખાનગી ટી.વી ચેનલો મારફત પ્રસારણના સ્પોટ તથા ડોક્યુમેન્ટરી ફિલ્મ નક્કી કરી લોક જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે તેમજ મોનીટરીંગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના બજેટમાં ચાલુ બાબત તરીકે રૂ.૧૦૦૦.૦૦ લાખની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

**(૭) માસિક સામાયિક**:– સંકલિત બાળ વિકાસ યોજનાની સેવાના અસરકારક અમીકરણ માટે રાજ્ય સરકારની યોજનાઓની માહિતી જિલ્લા, તાલુકા, સેજા અને આંગણવાડી કેન્દ્ર સુધી પહોંચે તથા યોજનાઓની જાણકારી જાહેર જનતાને થઇ શકે તે માટે માસિક ગુજરાતી સામયિક )મેગેઝિન/ન્યુઝ લેટર) શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૯–૨૦ માં નવી બાબત તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડીએસ/૧૧૨૦૧૯/૧૯૯/બ તા.૦૯/૦૮/૨૦૧૯ થી કુલ રૂ.૧૫૮.૪૦ લાખની મંજુરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦માં આપવામાં આવેલ સામયિક પ્રસિધ્ધ કરવાની વહીવટી મંજુરીનાં અંતે માસિક કુલ ૬૦,૦૦૦ પ્રત પ્રસિધ્ધ કરવામાં આવે છે .જે અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ સામાયિકની એક પ્રત દીઠ રૂ.૨૨/– લેખે માસિક કુલ ૬૦,૦૦૦ પ્રત ૧૨ માસ માટે પ્રસિધ્ધ કરવા માટે કુલ રૂ.૧૫૮.૪૦ લાખની ચાલુ બાબતની સૂચિત બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**(૮) જિલ્લા અને ઘટક કક્ષાએ પ્રચાર–પ્રસાર:–** આઈ.સી.ડી.એસ. સેવા યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કક્ષાએ પ્રચાર પ્રસાર કરવા માટે વાર્ષિક પ્રતિ જિલ્લા દીઠ રૂ.૧,૦૦,૦૦૦/– અને પ્રતિ ઘટક દીઠ રૂ.૫૦,૦૦૦/– ની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જે અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે રૂ.૨૫૪ લાખની સૂચિત બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

## આઈ.સી.ડી.એસ. નવી બાબત ૨૦૨૫–૨૬

**(રૂ.કરોડમાં**)

| | | |
|---|---|---|
| ૧ | નવા મોડ્યુલર આંગણવાડીઓના બાંધકામ બાબત | ૨૭૩.૯૩ |
| ૨ | નવરચિત નવ કોર્પોરેશન માટે પી.ઓ.સેલ માટે નવી જગ્યાઓ ઉભી કરવા બાબત | ૪.૦૭ |
| ૩ | જિલ્લા અને કોર્પોરેશનના આઇસીડીએસ ઘટક માટે ૪૨૬ આઉટસોર્સ પટ્ટાવાળાની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત | ૯.૭૨ |
| ૪ | નવરચિત નવ કોર્પોરેશન માટે પી.ઓ કચેરી માટે ૦૯ આઉટસોર્સ પટ્ટાવાળાની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત | ૦.૧૯ |
| ૫ | નવરચિત નવ કોર્પોરેશન માટે પી.ઓ.ની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત | ૧.૦૩ |
| | **કુલ** | **૨૮૮.૯૪** |

## કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી

## (મહિલા વિંગ) , ગાંધીનગર

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની સ્થાપના મહિલાઓના કલ્યાણ, સશક્તિકરણ અને બહુઆયામી વિકાસ માટે ઓક્ટોબર-૧૯૮૮ થી કરવામાં આવેલ છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ મહિલા વિકાસની પ્રવૃતિઓ જેવી કે, જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો જિલ્લા કક્ષાએ તેમજ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો પારીવારીક ઝઘડામાં માર્ગદર્શક બની તેનો કાર્યક્રમ અમલી બનાવી શકે.

મહિલા મંડળો દ્વારા ચાલતા સિવણ વર્ગો દ્વારા મહિલાઓને સ્વરોજગારીથી આત્મનિર્ભર બને તે હેતુસર કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે તેમજ પારીવારીક હિંસાઓ સામે સ્ત્રીરક્ષણ અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે.

મહિલાઓને થતા અત્યાચાર સામે મહિલાઓને તમામ પ્રકારની સુવિધા જેવી કે, આશ્રય, તબિબિ,કાયદાકીય, અને મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવી તમામ સુવિધા એક જ સ્થળેથી મળી રહે તેવા ઉમદા આશયથી ભારત સરકારશ્રીની સખી-વન સ્ટોપ સેન્ટર યોજના ગુજરાતના તમામ જિલ્લા ખાતે અમલમાં મુકેલ છે.

ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની "બેટી બચાવો બેટી પઢાઓ" યોજના હાલ ગુજરાતરાજ્યના કુલ ૨૨ જિલ્લામાં કાર્યરત છે. ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની "બેટી બચાવો બેટી પઢાઓ" યોજનાને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી સમાજમાં દિકરીઓના જન્મદર, શિક્ષણ દરમાં વધારો થાય તેમજ બાળ લગ્ન અટકે તેવા ઉમદા આશયથી તા:-૦૨/૦૮/૨૦૧૯ થી વ્હાલી દિકરી યોજના અમલમાં મુકેલ છે.

રાજ્યમાં ઘરેલું હિંસાથી પિડિત મહિલાઓ, અનૈતિક દેહવિક્રય સાથે સંકળાયેલ મહિલાઓ તેમજ અનાથ બહેનો, એચ.આઈ.વી ગ્રસ્ત અને એચ.આઈ.વી પોઝીટીવ મહિલાઓ અને માનસિક બિમાર બહેનો હેતુ આશ્રય આપવા તેમજ તેઓના પુનઃસ્થાપન હેતુના ઉમદા આશયથી નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો કાર્યરત છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્યકક્ષાએ મહિલાઓનો સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ મહિલા શક્તિ કેન્દ્રો શરૂ કરવા માટે **(MSK)** " મહિલા શક્તિ કેન્દ્ર" યોજના અમલમાં મુકેલ છે.

કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી-ગાંધીનગર (મહિલા વિંગ) હેઠળ "ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર" યોજના અંતર્ગત મહિલાઓના સર્વાંગી વિકાસના ક્ષેત્રમાં કામગીરી કરતા/કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહિલા સામાજિક કાર્યકરને પ્રોત્સાહન સ્વરૂપે પારિતોષિક (એવોર્ડ) આપવાની યોજના અમલમાં છે.

કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી-ગાંધીનગર (મહિલા વિંગ) ના તાબા હેઠળ જિલ્લા કક્ષાએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીઓ કાર્યરત છે. સમાજમાં મહિલાઓને સ્પર્શતા પ્રશ્નો તથા તેઓના વિકાસ માટેની પ્રવૃતિઓને લગતી માહિતી એકત્રીત કરીને સંગ્રહિત કરવામાં આવે છે. આ ઉપરાંત મહિલાઓના સંદર્ભમાં સમાજમાં લોકોના વલણમાં પરિવર્તન કરવામાં આવે તે હેતુથી પ્રચાર-પ્રસાર,જાગૃતિ શિબિરો કરવામાં આવે છે.

**કામગીરી:-**

1. **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના:-**

- ૧૯૭૯ ના વર્ષથી યોજનાનો આરંભ થયેલ છે. તા. ૦૮/૦૩/૨૦૧૯ ના ઠરાવથી સહાયમાં વધારો કરી રૂ.૧૨૫૦/- તમામ વિધવા બહેનોને આપવામાં આવે છે.
- ૨૧ વર્ષનો પુત્ર થતાં સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ હોવી જોઈએ.
- વિધવા લાભાર્થીના બેંક/પોસ્ટ ખાતામાં **DBT** મારફતે રકમ જમા કરાવી સહાયની ચુકવણી કરવામાં આવે છે.
- હાલમાં રાજ્યમાં જાન્યુઆરી - ૨૦૨૫ અંતિત કુલ ૧૬.૪૧ લાખ જેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવે છે. અને સને ૨૦૨૫-૨૬ માં રૂ.૩૦૧૪.૬૬૩૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 2. વ્હાલી દિકરી યોજના:-

- રાજ્યમાં દીકરીના જન્મનું પ્રમાણ વધારવા, દિકરીઓના શિક્ષણમાં વધારો કરવા અને શાળા છોડવાનો દર ઘટાડવા માટે, સ્ત્રીઓનું સમાજમાં સશકતિકરણ કરવા તેમજ બાળલગ્ન અટકાવવાના ઉદ્દેશો સિધ્ધ કરવાના હેતુથી રાજ્ય સરકારે "વ્હાલી દિકરી યોજના" તા.૧૯-૧૨-૨૦૧૯ ના ઠરાવથી અમલમાં મુકેલ છે.
- તા. ૨-૮-૨૦૧૯ ના રોજ કે ત્યાર બાદ જન્મેલી દિકરીઓને આ યોજનાનો લાભ નીચે મુજબની શરતોને આધિન મળવાપાત્ર રહેશે.
    - તા.૦૨/૦૮/૨૦૧૯ (તા.૦૧/૦૮/૨૦૧૯ મધ્ય રાત્રી ૧૨:૦૦ કલાક પછી) કે ત્યાર બાદ જન્મેલ દિકરીને લાભ મળવાપાત્ર રહેશે. દિકરીના જન્મ સમયે માતાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઇએ. દંપતીની (પતિ-પત્નિની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામિણ અને શહેરી વિસ્તાર માટે એક સમાન રૂ.૨,૦૦,૦૦૦/-કે તેથી ઓછી રહેશે. આવક મર્યાદાની પાત્રતા લાભાર્થીના જન્મના તરત આગળના ૩૧મી માર્ચના રોજ પૂર્ણ થતા વર્ષના સંદર્ભમાં લક્ષમાં લેવાની રહેશે.
    - દંપતિની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
    - અપવાદરૂપ કિસ્સામાં બીજી/ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતાં વધારે દિકરીઓનો જન્મ થાય અને દંપતીની દિકરીઓની  સંખ્યા ત્રણ કરતાં વધુ થતી હોય તો પણ તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
    - બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલ હોય તેવા દંપતિની દિકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
        - પ્રથમ હપ્તો દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે  રૂ. ૪૦૦૦/-
        - બીજો હપ્તો દીકરીઓને નવમાં ધોરણમાં પ્રવેશ વખતે  રૂ. ૬૦૦૦/-
        - ત્રીજો હપ્તો  ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,૦૦,૦૦૦/- ની સહાય.

ડિસેમ્બર:૨૪ અંતિત કુલ ૨.૭૮ લાખ લાભાર્થીઓની સહાય મંજૂર કરવામાં આવી છે અને સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૨૧૬.૫૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

### 3. ગંગા સ્વરૂપા આર્થિક પુન:લગ્ન યોજના:

- ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાનો તા: ૦૨/૦૮/૨૦૨૧ અમલમાં આવી હતી. ગંગા સ્વરૂપા મહિલાઓ પરત્વે સામાજિક માનસિકતામાં પરિવર્તન આણવું. લગ્ન કરવા ઇચ્છુક ગંગા સ્વરૂપા બહેનોને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા.

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરની પુન:લગ્ન કરનાર મહિલા આ યોજનાનો લાભ લઈ શકશે. જે વ્યક્તિ સાથે પુનઃ લગ્ન થયેલ છે તેના પત્નિ હયાત ન હોવા જોઇએ.

- ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના અંતર્ગત લાભાર્થી મહિલાના બચત ખાતામાં જિલ્લા કક્ષાએ **DBT** મારફતે ૨૫,૦૦૦/- જમા કરવાના રહેશે, તેમજ રૂ. ૨૫,૦૦૦/- ની રકમના રાષ્ટ્રીય બચત પત્રો **(NSC)** આપવાના રહેશે. આમ, કુલ રૂ. ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવાની રહેશે.

- ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૨૪ અંતિત લાભાર્થીની સંખ્યા ૬૨૪ છે. તેમજ આ યોજના અંતર્ગત રૂ. ૨૦૦. ૦૦ લાખ ની જોગવાઈ કરેલ છે. અને સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૧.૦૮ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

### 4. નારી સંરક્ષણ ગૃહો/ કેંદ્રો:

- નૈતિક અને સામાજિક સ્વાસ્થ્ય ભાગરૂપે રાજયમાં આ યોજના કાર્યરત છે અને અનૈતિક વેપાર અટકાયત ધારો-૧૯૫૬(સુધારેલ-૧૯૮૬) ગુજરાત રાજયમાં અમલમાં છે.
- હાલમાં ગુજરાત રાજ્યમાં કમિશ્નર મહિલા અને બાળ વિકાસ હસ્તક સરકારી ૦૪ નારી સંરક્ષણ ગૃહો અને ૦૬ નારી સંરક્ષણ કેન્દ્રો કાર્યરત છે. તે જ રીતે સ્વૈચ્છિક ધોરણે-૦૫ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર કાર્યરત છે.
- નારી સંરક્ષણ ગૃહો/કિન્દ્રોમાં નીચે મુજબ મહિલાઓને પ્રવેશ આપવામાં આવે છે.
  - ❖ ઘરેલું હિંસા, અનાથ, આશ્રયની જરૂરીયાતવાળી સામાજિક બહિષ્કાર અથવા બળજબરીથી દેહવિક્રય કરવામાં આવતી અને નૈતિક રીતે ભયમાં મુકાયેલી ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓને આશ્રયરહેઠાણ, ભોજન, આર્થિક સ્વાલંબન માટે તાલીમ, કાનુની સલાહ, શિક્ષણ વગેરે સેવાઓ આપવામાં આવે છે.

❖ મહિલા સાથે ૧૪ વર્ષ સુધીની દીકરી તથા ૦૬ વર્ષ સુધીના પુત્રને પણ આશ્રય આપવામાં આવે છે. વધુમાં ૦૬ માસ આશ્રય આપવામાં આવે છે.

❖ નારી સંરક્ષણ ગૃહો/કિન્દ્રોનો મુળ ઉદ્દેશ નિવાસીઓને સશક્તિકરણ પ્રેરવાનો અને વિકસાવવાનો અને તેણીને પુનર્વસનમાં મદદ કરવાનો છે.

**પોલીસ બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર:-**

○ ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગના સંકલનમાં ઘરેલું હિંસા અને અન્ય સમસ્યાઓથી પિડિત અને જરૂરીયાતમંદ મહિલાઓ માટે કાઉન્સેલીંગ, માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવાના હેતુથી ગુજરાત રાજ્યમાં પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના વર્ષ ૨૦૧૩-૧૪ થી શરૂ છે. પોલીસ બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં ૮૦ સેન્ટર કાર્યરત છે.

○ પોલીસ બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત જે-તે જિલ્લા ખાતે નિર્ધારિત કરેલ પોલીસ સ્ટેશનમાં તાલીમબદ્ધ બે(૨) કાઉન્સેલરોની નિમણુંક કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૮૦ સેન્ટરો ખાતે હાલના તબક્કે ૧૬૦ કાઉન્સેલર કાર્યરત છે.

**યોજનાનો હેતુ:-**

- હિંસાનો ભોગ બનેલ મહિલાઓને સહાય, માર્ગદર્શન અને કાઉન્સેલીંગ માટે દરેક જિલ્લામાં નિયત થયેલ પોલીસ સ્ટેશનમાં આ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.
- તાલીમબદ્ધ કાઉન્સેલરો દ્વારા સમસ્યાગ્રસ્ત મહિલાઓ માટે કાઉન્સેંલીગ તથા સંસ્થાકીય સેવા પૂરી પાડવામાં આવે છે.
- ઘરેલું હિંસા સંદર્ભમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારી (પ્રોટેક્શન ઓફીસર), કાનૂની સેવા સત્તા મંડળ અને પોલીસ સાથે સંકલન કરવું.
- યોજનાની આંકડાકીય માહિતી - (વર્ષ-૨૦૧૪ થી ડિસેમ્બર - ૨૦૨૪)

❖ નોંધાયેલ અરજી – ૬૭૭૧૪

❖ માર્ગદર્શન આપેલ અરજી – ૧૦૫૨૪૧

❖ સેન્ટર દ્વારા કરેલ ગૃહ મુલાકાત – ૬૩૨૨

❖ કાઉન્સેલર દ્વારા અરજીમાં કરવામાં આવેલ મીટીંગ – ૨૮૯૯૫૪ (એવરજ ૫ મીટીંગ એક કેસમાં કરવામાં આવેલ છે.)

❖ કાઉન્સેલર દ્વારા કરવામાં આવેલ ટેલીફોનીક કાઉન્સેલિંગ – ૪૮૮૭૫

❖ અરજીમાં કરેલ સમાધાન – ૩૬૪૫૭ (૫૩ %)

❖ અન્ય માળખામાં રેફર કરેલ હોય તેવી અરજી – ૧૫૦૭૯

❖ સેન્ટર દ્વારા ડિસેમ્બર - ૨૦૨૪ અંતિત શરૂ અરજીની સંખ્યા – ૨૫૦૨

❖ સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૪.૬૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન:-

- ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને **EMRI GREEN HEALTH SERVICE** સંસ્થા દ્વારા સંકલિત રીતે રાજ્ય વ્યાપી ૧૮૧ "અભયમ" મહિલા હેલ્પલાઈનની સેવા પ્રથમ તબક્કે ફેબ્રુઆરી ૨૦૧૪ અને ત્યારબાદ રાજ્યવ્યાપી ૮ માર્ચ ૨૦૧૫ થી ૨૪*૭ કલાક કાર્યરત છે.
- ગુજરાત રાજ્યના તમામ જીલ્લા/તાલુકામાં કોઈપણ પ્રકારના મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી મહિલાઓ તથા અન્ય માર્ગદર્શન મેળવવા માંગતી મહિલાઓ પોતાની તકલીફોનો ઉકેલ લાવવા માટે ૧૮૧ પર ફોન કોલ કરી તાલીમબદ્ધ કાઉન્સીલર પાસેથી સલાહ, સૂચન, મદદ અને માર્ગદર્શન મેળવે છે.
- મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલી યોજનાઓ , તેના લાભો અને સંપર્કની વિગત મેળવી શકાય છે.
- તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસ્ક્યુવાન મોકલવામાં આવે છે.
- યોજના અમલીકરણ ફેબ્રુઆરી-૨૦૧૪ થી ડિસેમ્બર-૨૦૨૪ સુધી ૧૫.૮૪ લાખ કરતાં વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ, બચાવ માર્ગદર્શન માટે ૧૮૧ હેલ્પલાઇનની મદદ લીધેલ છે.
- તેમજ (ડિસેમ્બર-૨૦૨૪ અંતિત) તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસ્ક્યુવાન સાથે કાઉન્સિલર જઇને ૩.૧૭ લાખ કરતા વધારે જેટલા મહિલાને મદદ પુરી પાડેલ છે.

- ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશનનું ટુક સમય ગાળામાં ૨.૫૬ લાખ કરતાં વધારે મહિલાઓ દ્વારા રજીસ્ટ્રેશન કરી પોતાની સેફ્ટી માટે મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરેલ છે.
- ૧૮૧ અભયમમાં સને ૨૦૨૫-૨૬ માં રૂ.૧૫.૦૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 5. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર

- વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના તા:-૦૧/૦૪/૨૦૦૬થી અમલમાં મુકેલ છે. મહિલાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.
- હાલમાં ૩૧ જિલ્લા કેન્દ્રો, શહેરી વિસ્તારમાં અને તાલુકાના ૨૦૧ મળી કુલ ૨૩૨ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે.
- જિલ્લા કક્ષાએ મહત્તમ રૂ. ૨.૫૧ લાખ અને તાલુકા કક્ષાએ રૂ. ૧.૮૨ લાખ અનુદાન આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાએ દરેક પ્રવૃતિ માટે ૨૫% લોકભાગીદારીથી ખર્ચ કરવાનો રહે છે.
- સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૩.૬૩ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 6. કુટુંબ સલાહ કેન્દ્રો:-

- કુંટુંબ સલાહ કેન્દ્રોમાં કૌટુંબિક તથા સામાજિક વિવાદને લગતા પ્રશ્નો જેવા કે છૂટાછેડા, પારાવારીક કલહ, સ્ત્રીઓને માનસીક ત્રાસ, સ્ત્રીઓને સંપત્તિના પ્રશ્નોમાં અન્યાય વિગેરે પ્રશ્નોના નિરાકરણ લાવવા તથા સમાધાન કરાવવા કુંટુબ સલાહ કેન્દ્રો દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. હાલ ગુજરાત રાજ્યમાં ૨ કુટુંબ સલાહ કેન્દ્ર કાર્યરત છે.
- સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૦.૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.
- કુટુંબ સલાહ કેન્દ્રોને ગ્રાન્ટ-ઈન-કોડ-૧૯૯૨ ની જોગવાઈઓને આધિન ૯૦% અનુદાન મંજુર કરવામાં આવે છે.

## 7. મહિલા મંડળ:-

- મહિલા મંડળ યોજના દ્વારા અભણ, નિરાધાર, બેરોજગાર બહેનોને આર્થિક ઉપાર્જન થાય તથા તેઓને પગભર કરવાના આશયથી સિવણ, એમ્બ્રોડરી, ભરત ગુંથણ વગેરે તાલીમ આપવામાં આવે છે. હાલ ગુજરાત રાજ્યમાં કુલ ૦૭ મહિલા મંડળો કાર્યરત છે.

- સને ૨૦૨૫-૨૬  માં રૂ. ૦.૦૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 8. ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫

- ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ સ્ત્રીઓને થતી કૌટુંબિક/પારીવારીક હિંસા રોકવા તેમજ ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ કાયદાના સુચારૂ અમલીકરણના સંદર્ભમાં વિચારણા કરતાં આ કાયદાની બહોળી પ્રસિદ્ધિ થાય તે આવશ્યક છે. તેથી જન જાગૃતિ અભિયાન/ઝુંબેશ હાથ ધરવી/શિબિરો/વર્કશોપનું આયોજન કરવું, પ્રચાર-પ્રસારના માધ્યમથી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવે છે. ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ના કાયદાના અમલ કરવા માટે ૨૩૨ સ્વૈચ્છિક સંસ્થાઓને સર્વિસ પ્રોવાઈડર તરીકે નિમણુંક આપવામાં આવેલ છે. સબબ અધિનિયમ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ માટે સને ૨૦૨૫-૨૬  માં રૂ. ૦.૩૩  કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 9. દહેજ પ્રતિબંધક અધિનચમ-૧૯૬૧ (સુધારેલ ૧૯૮૫)

- ગુજરાત રાજ્યમાં ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ તથા દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧ના અસરકારક અમલ માટે ૩૩ ક્ષેત્રીય જિલ્લા કક્ષાની કચેરીઓ માટે તા.૨૧/૦૨/૨૦૧૪ના વિભાગના ઠરાવથી અલગ અલગ કેડર વાઈઝ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે.
- તા:-૦૧/૦૧/૨૦૨૧ ની સ્થિતીએ જિલ્લાકક્ષાની ક્ષેત્રીય કચેરીઓ માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી વર્ગ-૧ની કુલ-૧૭ જગ્યાઓ ભરવામાં આવેલ છે. દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારીશ્રી વર્ગ-૨ ની કુલ-૪૪ જગ્યાઓ ભરાયેલ છે. ફિલ્ડ ઓફીસરશ્રી વર્ગ-૩ની કુલ ૩૧ જગ્યાઓ ભરાયેલ છે તેમજ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ ની કુલ-૨૩ જગ્યાઓ ભરાયેલ છે.
- આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસના તા. ૨૨/૦૮/૨૦૧૯ ના ઠરાવથી ક્ષેત્રીય કચેરીઓ માટે નાયબ હિસાબાનીશ, ફિલ્ડ ઓફીસર, જુ.કલાર્ક વગેરે કુલ ૧૦૧ નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે તથા ૪ પ્રાદેશિક નિયામકશ્રીની કચેરીઓ માટે પ્રાદેશિક નાયબ નિયામક, એકાઉન્ટન્ટ, ફિલ્ડ ઓફીસર, જુ.કલાર્ક અને કોમ્પ્યુટર ઓપરેટર જેવી કુલ-૨૪ જગ્યાઓ નવી મંજુર કરવામાં આવેલ છે.
- દહેજ લેનાર વિરુદ્ધ અરજી આ કચેરીને મળ્યેથી તેની વિગતવાર તપાસ કરી દહેજ પ્રતિબંધક અધિનિયમ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.

## 10. **મહિલા વિકાસ પુરસ્કાર:-**

- રાજ્યમાં મહિલાઓના વિકાસના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરતી/કરતા સ્વૈચ્છિક સંસ્થા અને મહિલા સામાજિક કાર્યકરને પ્રોત્સાહન મળી રહે તે માટે "ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર" યોજના અમલમાં મુકવામાં આવે છે. આ યોજના અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થા રૂ. ૧.૦૦ લાખ અને મહિલા સામાજિક કાર્યકરને રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) એવોર્ડ તરીકે આપવામાં આવે છે. આ યોજના હેઠળ એવોર્ડ એક જ વખત મળવાપાત્ર થાય છે. સરકારશ્રીના ૧૦૦% અનુદાનથી ચાલતી સંસ્થાઓને આ એવોર્ડ આપવામાં આવતો નથી.
- સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૦.૦૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 11. **બેટી બચાવો બેટી પઢાવો:**

- બેટી બચાવો બેટી પઢાવો યોજના ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ત્રણ-મંત્રાલયના દ્વારા શરૂ કરવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને આરોગ્ય પરિવાર અને કુટુંબ કલ્યાણ મંત્રાલય હવે થી કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય અને લઘુમતી બાબતોના મંત્રાલયનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે દીકરીઓની રમત ગમતના ક્ષેત્રોમાં ભાગીદારી વધારવા માટે યોગ્ય જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવશે. દીકરીઓમાં રમત પ્રતિભાને ઓળખવા અને તેમને યોગ્ય તાલીમકારો સાથે જોડવા તેમજ રમત પ્રતિભાને વિકસિત કરવા માટે "ખેલો ઈન્ડિયા" અથવા કેન્દ્ર/રાજ્ય સરકારોની કોઈપણ અન્ય યોજનાઓ કે કાર્યક્રમ હેઠળ તેમની કુશળતામાં વધારો કરવામાં આવશે.મિશન શક્તિ યોજનાની પેટા યોજના "સંબલ" અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.

**યોજનાનો ઉદ્દેશ:-**

- જાતિ આધારિત લિંગ પરિક્ષણ અટકાવવું.
- દિકરીઓના અસ્તિત્વ અને સુરક્ષાને સુનિશ્ચિત કરવી.
- દિકરીઓના શિક્ષણને સુનિશ્ચિત કરવું અને તેને વિકાસ પ્રક્રિયામાં ભાગીદાર બનાવી.

**યોજનાનો કાર્યવિસ્તાર:**

- મિશન શક્તિ યોજનાની નવી માર્ગદર્શિકા પ્રમાણે બેટી બચાવો બેટી પઢાવો યોજના રાજ્યના ૩૩ જિલ્લાઓ ખાતે અમલી કરવામાં આવેલ છે.
- યોજનાની આંકડાકીય માહિતી - (વર્ષ-૨૦૧૯ થી ડિસેમ્બર - ૨૦૨૪)

  ❖ જાગૃતીકરણ કાર્યક્રમ - ૧૩૨૮૭

  ❖ સહભાગીઓની સંખ્યા - ૯૧૨૩૯૯

  સને ૨૦૨૫-૨૬  માં રૂ. ૧૦.૬૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 12. **વન સ્ટોપ સેન્ટર યોજના - OSC (૧૦૦% CSS)**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પૂરી પાડવા માટે ઓગસ્ટ ૨૦૧૬ થી વન સ્ટોપ સેન્ટર **(OSC)** સખી યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો હેતુ હિંસાથી અસરગ્રસ્ત કોઇપણ કિશોરી/ મહિલાને એક જ સ્થળેથી તેને જરૂર હોય તેવી તમામ સુવિધાઓ પૂરી પડવાનો છે.

સખી કેન્દ્ર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત કિશોરીઓ/ મહીલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સલાહ/ માર્ગદર્શન, પોલીસની સહાય તથા પરામર્શ જેવી સેવાઓ તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે છે. રાજ્યનાં ૩૩ જિલ્લાઓ ખાતે ૩૫ કેન્દ્રો ૨૪*૭ કાર્યરત છે.

ભારત સરકાર દ્વારા રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકીના ૨૩ જિલ્લાઓની બાંધકામ માટે મંજુરી મળેલ છે જેમાં ૧૫ જિલ્લાઓ પૈકીના  છોટાઉદેપુર, પોરબંદર, ડાંગ, નવસારી, મહીસાગર, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, સુરત, અરવલ્લી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ તથા સાબરકાંઠા જિલ્લાઓ ખાતે નવા બિલ્ડીંગમાં સખી વન સ્ટોપ સેન્ટર હાલમાં શરુ કરી દેવામાં આવેલ છે. બાકીનાં ૮ જિલ્લાઓ ખાતે પ્રક્રિયા કાર્યરત છે.

આ યોજનાનો લાભ કુટુંબની અંદર, ખાનગી કે જાહેર સ્થળો પર, સમુદાય સ્તરે અથવા કાર્યના સ્થળે હિંસાનો ભોગ બનેલ કોઇ પણ કિશોરી/મહિલા લઈ શકે છે. ખાસ કરીને એવી કિશોરીઓ/ મહિલાઓ કે જેઓ કોઈપણ પ્રકારની કુટુંબ તથા સમાજ દ્વારા હિંસાનો ભોગ બન્યા હોય જેવીકે શારીરિક હિંસા,માનસિક

હિંસા,જાતિગત હિંસા,ભાવનાત્મક હિંસા,ઘરેલું હિંસા, કિશોરીઓ/મહિલાઓનો અનૈતિક દેહવ્યાપાર, જાતીય સતામણી,ડાકણપ્રથા વગેરે.

- સખી વન સ્ટોપ સેંટર દ્બારા અપાતી સેવાઓ
- હંગામી ધોરણે તાત્કાલિક આશ્રય, Ø તબીબી સેવાઓ, Ø પોલીસ સેવાઓ, Ø કાયદાકીય સેવાઓ,
- પરામર્શ (કાઉન્સેલિંગ) ની સેવાઓ, Ø વિડિઓ કોન્ફરન્સિગ સુવિધા તથા Ø ઇમર્જન્સી રિસ્પોન્સ અને રેસ્ક્યુ સર્વિસીસ વગેરે

## 13. સ્ટેટ / ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન ( SHEW- DHEW)

સમાજમાં મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા, મહિલાઓને સુરક્ષા અને સલામતી પ્રદાન કરવા માટે અને મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર દ્બારા ઘણા કાયદાઓ અને ઘણી યોજનાઓ અમલી બનાવવામાં આવેલ છે જાતિગત અસામનતા દુર કરવા અને મહિલાઓને સશકત કરવા માટે "મિશન શક્તિ" યોજના શરુ કરવામાં આવેલ છે.

મિશન શક્તિ યોજનાનો મુખ્ય ઉદ્ધેશ મહિલાના સશક્તિકરણ અને સલામતી માટે કાર્યરત માળખાઓને સુધારવાનો તેમજ સમાજમાં પ્રવર્તમાન વ્યાપક લિંગ આધારીત પૂર્વગ્રહો અને ભેદભાવનો સામનો કરવા માટે આ માળખાઓને સુસજ્ઞ કરવાના હેતુથી મિશન શક્તિ યોજના અંતર્ગત પેટા યોજના "સામર્થ્ય" હસ્તક સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન તથા ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન યોજના અમલી કરવામાં આવેલ છે.

મિશન શક્તિ યોજના ઘટક "સામર્થ્ય"(મહિલા સશક્તિકરણ માટે) માં સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનની અંદર રાષ્ટ્રીય, રાજ્ય તથા જિલ્લા કક્ષાએ અમલી રહેશે. જેમાં રાષ્ટ્રીય સ્તરે "નેશનલ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" **(NHEW)**, રાજ્ય કક્ષાએ "સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" **(SHEW)** અને જિલ્લા કક્ષાએ "ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" **(DHEW)** કાર્યરત રહેશે. "હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" ગ્રામ્ય સ્તર સુધી કામ કરશે જેમને જિલ્લા કક્ષાએથી સુવિધા આપવામાં આવશે.

**યોજનાનો કાર્ય વિસ્તાર**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની આ યોજનાની માર્ગદર્શિકા અનુસાર "મિશન શક્તિ" અંતર્ગત "સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન"**(SHEW)** હસ્તક રાજ્ય કક્ષા કેન્દ્રિત તથા "ડીસ્ટ્રીકટ હબ ફોર

એમ્પાવરમેન્ટ ઓફ વિમેન" **(DHEW)**નો કાર્યવિસ્તાર ગુજરાતના તમામ (૩૩) જિલ્લાઓમાં અમલી કરવામાં આવેલ છે.

- ગ્રાન્ટ રેશિયો: સ્ટેટ / ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન યોજના અન્વયે ૬૦:૪૦ ફાળો
- યોજનાની આંકડાકીય માહિતી - (વર્ષ-૨૦૨૨ થી ડિસેમ્બર - ૨૦૨૪)

❖ જાગૃતીકરણ કાર્યક્રમ - ૯૮૩૫

❖ સહભાગીઓની સંખ્યા -૧૫૫૦૦૪૦

❖ સ્ટેટ/ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનની વર્ષ ૨૦૨૪ -૨૫ની બજેટ જોગવાઈ ૬૦% લેખે રૂ. ૪૯૫.૦૦ લાખ અને ૪૦% લેખે રૂ. ૩૨૯.૦૦ લાખ એમ કુલ રૂ. ૮૨૪.૦૦ લાખની છે.

❖ સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૧૧.૭૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## 14. શક્તિ સદન:-

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા મુશ્કેલ પરિસ્થિતમાં રહેલ મહિલાઓ માટે સ્વાધારગૃહ અને ટ્રાફિકિંગ અટકાવવા માટે ઉજ્જ્વલા યોજનાઓ કાર્યરત હતી. આ બંને યોજનાઓનો ઉદ્દેશ્ય તસ્કરી કરાયેલી મહિલાઓ સહિત મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સલામત અને સુરક્ષિત વાતાવરણ ઊભું કરવાનો હતો અને આ રીતે તેમને તેમના મુશ્કેલ સંજોગોમાંથી બહાર આવવા અને પુન:સ્થાપન કરવા માટે શક્તિ આપવાનો હતો. ભારત સરકાર દ્વારા મિશન શક્તિ અંતર્ગત વહીવટી કારણોસર સ્વધાર અને ઉજ્જ્વલા યોજનાને મર્જ કરી 'શક્તિ સદન' - સંકલિત રાહત અને પુનર્વસન ગૃહ' યોજના અમલમાં કરવામાં આવેલ છે.
- ભારત સરકારે ૬૦ % અને રાજ્ય સરકારશ્રીએ ૪૦ % ફાળો આપવાનો થાય છે.
- શક્તિ સદનમાં કોઈપણ વયની અપરિણીત છોકરીઓ/મહિલાઓ અને માતા સાથે ૧૨ વર્ષ સુધીના છોકરાઓને આશ્રય આપવામાં આવશે.
- હાલ રાજ્યમાં એકપણ શક્તિ સદન કાર્યરત નથી.

સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૦.૦૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્યમાં ૦૩ નવા શક્તિ સદન શરૂ કરવા સારું વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૨૯૦.૬૨ લાખ (કેન્દ્ર ફાળો રૂ.૧૭૪.૩૭ લાખ અને રાજ્ય ફાળો

રૂ.૧૧૬.૨૫ લાખ) નું બજેટ મંજૂર થયેલ છે. તથા વર્ષ ૨૦૨૫-૨૬ કેન્દ્રો શરૂ કરવાની કાર્યવાહી પ્રક્રિયામાં હોય માટે રૂ.૨.૦૦ લાખ (કેન્દ્ર ફાળો રૂ.૧.૦૦ લાખ અને રાજ્ય ફાળો રૂ.૧.૦૦ લાખ) ની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

## 15. સખી નિવાસ:-

- ભારત સરકાર દ્વારા વર્કિંગ વિમેન હોસ્ટેલ યોજનાનું નામાભિધાન મિશન શક્તિ અંતર્ગત "સખી નિવાસ" કરવામાં આવેલ છે. મિશન શક્તિ હેઠળની પેટા-યોજના "સામર્થ્ય" હેઠળ સખી નિવાસ યોજના કામ કરતી મહિલાઓ માટે સલામત અને સુવિધાજનક રીતે સ્થિત આવાસની ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. કામ કરતી મહિલા, વિધવા, નિરાધાર, છૂટાછેડા લીધેલ, જુદી રહેતી પરણિત સ્ત્રીઓ, માટે રહેઠાણની વ્યવસ્થા છે.
- **NGO**, ઉદ્યોગગૃહો, રાજ્ય સરકાર સંચાલિત નિગમો, રાજય સરકાર, યુનિવર્સીટી, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, વગેરે સંસ્થાઓ સખી નિવાસ ભાડેથી રાજ્યમાં કાર્યાન્વિત કરી શકશે.
- અમદાવાદ- ૩, વડોદરા- ૩, સુરત- ૧, રાજકોટ- ૨,ભાવનગર -૧, જામનગર -૧, કચ્છ-૧, મહેસાણા-૧, ગાંધીનગર-૧ મળી હાલ રાજ્યમાં ૧૪ સખી નિવાસ કાર્યરત છે.
- યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો ગ્રાન્ટ રેશિયો ૬૦:૪૦ લેખે રહેશે.
- સને ૨૦૨૫-૨૬ માં રૂ. ૦.૦૨ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે

## ભાગ-૩ પત્રક

**(રૂ. કરોડમાં)**

| **ક્રમ** | **કચેરીનું નામ** | **૨૦૨૫–૨૬** | | |
|---|---|---|---|---|
| | | **મહેસુલી** | **મુડી** | **કુલ** |
| ૧ | માંગણી ક્રમાંક:૧૦૬<br>મુખ્ય સદર:- ૨૨૩૫<br>સામાજીક સુરક્ષા અને કલ્યાણ | ૩૩૩૧.૪૨ | ૦ | ૩૩૩૧.૪૨ |
| ૨ | માંગણી ક્રમાંક:૧૦૬<br>મુખ્ય સદર:- ૪૨૩૫<br>સામાજીક સુરક્ષા અને કલ્યાણ અંગે મુડી જોગવાઇ | ૦ | ૭૪.૨૩ | ૭૪.૨૩ |
| | **કુલ રકમ રૂ.** | **૩૩૩૧.૪૨** | **૭૪.૨૩** | **૩૪૦૫.૬૫** |

**કમિશ્નર મહિલા અને બાળ વિકાસની (મહિલા વિંગ) વર્ષ ૨૦૨૫–૨૬ની નવી બાબતોની યાદી**

**(રૂ. કરોડમાં)**

| **ક્રમ** | **નવી બાબત** | **કુલ રકમ** |
|---|---|---|
| ૧. | નવા મંજુર થયેલ ૧૫ પોલીસ સ્ટેશન બેઇઝડ સ્પોર્ટ સેંટર માટે નવા કોમ્પ્યુટર અને પ્રીંટરની ખરીદી બાબત | ૦.૦૯ |
| ૨. | ઈ–નારી પોર્ટલ | ૦.૩૨ |
| ૩. | નિયામકશ્રી (મહિલા વિંગ)ની કચેરીના રીનોવેશન બાબત | ૦.૨૦ |
| | કુલ રકમ | ૦.૬૧ |

# <u>જેન્ડર રિસોર્સ સેન્ટર</u>

**૧. જેન્ડર રિસોર્સ સેન્ટર (જી.આર.સી.):-**

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૪માં જેન્ડર રિસોર્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી. જીઆરસીનો મુખ્ય હેતુ રાજ્યની તમામ મહિલા વિકાસલક્ષી પ્રક્રિયાઓ અને જાતિગત સમાનતા તેમજ સમન્યાયતાનો સમાવેશ થાય તે માટે તકનીકી સહયોગ પૂરો પાડવાનો છે. જીઆરસી સરકારી તેમજ સ્વયંસેવી સંસ્થાનોને જાતિગત રીતે સંવેદનશીલ કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓના ઘડતર આયોજન, અમલીકરણ અને મૂલ્યાકનમાં મદદ કરે છે.

**કાર્યો** :–

- વિવિધ હિતધારકોમાં જાતિગત સંવેદનશીલતા ઊભી કરવી.
- જાતિગત વિષયોને મુખ્યપ્રવાહમાં લાવવા માટે તકનીકી સહયોગ આપવો.
- જાતિગત બાબતે ક્ષમતાવર્ઘન,.સંશોધન અને હિમાયત
- વિવિધ હિતધારકો તેમજ બદલાવ લાવનારાઓના પ્રયત્નોને સંકલિત કરવા.
- વિકાસના જુદાજુદા ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી અને તેઓની સ્થિતિ દર્–શાવતા આંકડાઓ સાથેની ડેટા બેંક તૈયાર કરવી.
- વિવિધ વિભાગોના સંકલનમાં જાતિગત બાબતોને વિકાસના મુખ્યપ્રવાહમાં લાવવા બાબતે કાર્યવાહી કરવી
- જાતિગત વિષયને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે  નારી ગૌરવ નીતિ તેમજ જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવું

**વર્ષ ૨૦૨૫–૨૬  માટે  કુલ: ૧.૪૦ કરોડની જોગવાઈ કરેલ છે .**

## <u>નવી બાબત ૨૦૨૫–૨૬ (રૂ. કરોડમાં)</u>

| | | |
|---|---|---|
| ૧ | નવું ફોટોકોપી મશીનની ખરીદી કરવા બાબત | ૦.૦૫ |
| | **કુલ** | **૦.૦૫** |

## ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબનાં આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે વંશ પરંપરાગત ગૃહ ઉદ્યોગ સહિત રોજગારલક્ષી, વેપાર લક્ષી અને તાંત્રિક તાલીમ જરૂરીયાતવાલી મહિલાઓને આ તેમજ આવી તાલીમ લીધેલ મહિલાઓને ઉદ્યોગ કે વ્યવસાય શરૂ કરવા બેંકેબલ યોજના હેઠળ આવરી લઈ સહાયભૂત થાય છે.

તાજેતરમાં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી વધુમાં વધુ મહિલાઓને રાજ્ય સરકારની તેમજ ભારત સરકારની યોજનાઓનો લાભ આપી શકાય તે હેતુને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪–૨૫ માં નીચે દર્શાવેલ વિગતે યોજનાકીય પ્રવૃત્તિ અમલમાં મુકવાનું આયોજન વિચારેલ છે.

### (૧) મહિલા સ્વાવલંબન યોજના:

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૧,૨૦,૦૦૦/– સુધીની તેમજ શહેરી વિસ્તારમાં રૂા.૧,૫૦,૦૦૦/– સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે, જે અંતર્ગત મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે રૂ.૨૦૦૦૦૦/– (રૂપિયા બે લાખ) ની મર્યાદામાં લોન આપવા માટે બેંકોને મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ભલામણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને પ્રોજેક્ટ કોસ્ટના ૧૫% અથવા મહત્તમ રૂ.૩૦,૦૦૦/– (રૂપિયા ત્રીસ હજાર) બન્ને માથી જે ઓછુ હોય તે મુજબ સબસીડી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫ માં તા.૩૦/૧૧/૨૦૨૪ અંતિત ૧૨૪ મહિલા લાભાર્થી લાભ આપવામાં આવેલ છે. તેમજ રૂા.૪૬.૭૯ લાખની સબસીડીની સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં અંદાજીત ૫૦૦ મહિલા લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે અંદાજપત્રમાં કુલ રૂા.૩.૧૩ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

### (૨) જનરલ તાલીમ યોજના:

આ યોજનાનો મૂળભૂત હેતુ ગરીબી રેખા હેઠળની ૧૮ વર્ષથી વધુ કે ૫૦ વર્ષ સુધીની વયની જરૂરિયાતમંદ મહિલાઓને પરંપરાગત કે બીનપરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ આપવાનો છે.

વર્ષ ૨૦૨૫–૨૬ માં આ યોજના હેઠળ ૧૦૦૦ તાલીમાર્થીઓને લાભ આપવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે રૂા.૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

### (૩) મહિલા જાગૃતિ શિબિર:

મહિલા જાગૃતિ શિબિરનો ઉદ્દેશ મહિલાઓને વિવિધ વ્યવસાય, સરકારશ્રીની મહિલાઓને અનુલક્ષીને અમલમાં મુકાતી યોજનાઓ અને તેવી યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે અનુસરવાની નવી પદ્ધતિ અંગે આવી શિબિરોમાં જાણકારી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫ માં તા.૩૦/૧૧/૨૦૨૪ અંતિત ૩૩ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રૂા.૮.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ૩૩ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે રૂા.૧૪.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ૯૯૦૦ મહિલા લાભાર્થીઓને આવરી લેવાનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

**(૪)મહિલા સ્વરોજગાર મેળા/લોન ધિરાણ મેળા (મુદ્રા કેમ્પ) યોજના:**

દરેક જિલ્લા પંચાયતો દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકા/જીલ્લાપંચાયત ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ઔદ્યોગીક સંસ્થાઓના સંકલનથી રૂા.૨.૦૦ લાખની ખર્ચમર્યાદામાં મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫ માં તા.૩૦/૧૧/૨૦૨૪ અંતિત ૩૩ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રૂા.૩૫.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ૩૩ મહિલા મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે રૂા.૬૬.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ૧૬૫૦૦ મહિલા લાભાર્થીઓને આવરી લેવાનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

**(૫) પ્રદર્શન – સહ – વેચાણ :–**

મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા દર વર્ષે રાજ્યમાં વેચાણની ક્ષમતાવાળા શહેરોમાં પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવે છે, જેમાં આવી મહિલાઓને સ્ટોલ ટોકન ફી લઈને ફાળવવામાં આવે છે જેથી મહિલાઓને ન્યુનતમ ખર્ચે વેચવાની તક મળે છે. અને લાંબાગાળાની વેચાણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાનો અનુભવ મળે છે. (આ યોજના અંતર્ગત **http://mela.gwedc.gov.in/** વેબસાઈટ મારફતે ઓન લાઈન પ્રક્રિયા દ્વારા સ્ટોલ ફાળવવાની તમામ કામગીરી કરવામા આવે છે.)

વર્ષ ૨૦૨૪–૨૫ માં તા.૩૦/૧૧/૨૦૨૪ અંતિત ૧૩ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૪૯૪ મહિલા ઉદ્યમીઓને લાભ આપવામાં આવેલ છે. જેમાં રૂા.૧.૯૮ કરોડનું વેચાણ થયેલ છે. જેમાં રૂા.૩૮૧.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ૧૮ પ્રદર્શન સહ વેચાણ મેળા યોજવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે કુલ રૂા.૭.૨૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૬) ન્યુકલીયસ બજેટ :–**

વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન ચાલુ યોજનાઓમાં સમાવેશ થયેલ ન હોય તેવી યોજનાકીય બાબતો માટે કુલ રૂ.૦.૧૦ કરોડની નાણાંકીય જોગવાઈ સૂચવેલ છે.

**(૭) નિગમની યોજનાકીય પ્રવૃત્તિઓનો પ્રચાર–પ્રસાર :–**

નિગમની મહિલા કલ્યાણકારી યોજનાઓની વિગતો/માહિતીઓ જાણકારી આપવા તથા રાજ્યની મહિલાઓમાં સામાજીક જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ માટે વર્ષ ૨૦૨૫–૨૬ માટે રૂ.૧.૫૦/– કરોડની બજેટ જોગવાઈ કરવાનું આયોજન કરેલ છે.

નિગમે સદર કામગીરીઓ બોર્ડ, હોડીંગ્સ, રેડિયો–ટી.વી. જેવા વિજાણુ પ્રચાર માધ્યમો મારફતે કરવાનું આયોજન કરેલ છે.

**(૮) પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓઃ–**

નિગમ દ્વારા આ યોજના માટે સને ૨૦૨૫–૨૬માં રૂા.૦.૫૦ કરોડની જોગવાઈ  કરવાનું સૂચવેલ છે.

આમ, નિગમ સને ૨૦૨૫–૨૬ માટે મહિલા કલ્યાણકારી કાર્યક્રમો માટે કુલ રૂા.૧૬.૨૩ કરોડની બજેટ જોગવાઈ કરેલ છે.

## ગુજરાત રાજ્ય મહિલા આયોગ

### વર્ષ ૨૦૨૫–૨૬

મહિલાઓ સ્વનિર્ભર બને અને સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ કરી શકે તેમજ તેમના અધિકારીતાને પ્રોત્સાહન આપવાના શુભ હેતુથી સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૬/૨/૨૦૦૫ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવેલ છે. મહિલા આયોગની કચેરી તા.૨૮/૨/૨૦૦૫ના રોજથી કાર્યાન્વિત થયેલ છે.

ગુજરાત રાજય મહિલા આયોગ અધિનિયમ–૨૦૦૨ હેઠળ આયોગની રચના કરવામાં આવી છે. આયોગમાં અધ્યક્ષાશ્રી, ૭ સરકારી સભ્યો, ૫ બિન સરકારી સભ્યો અને એક સભ્યસચિવશ્રી એમ કુલ–૧૪ સભ્યો છે.

મહિલાઓના સામાજિક, કૌટુબિંક, પ્રશ્નોનું નિરાકરણ લાવવા, મહિલાઓ સબંધિત કાયદાઓનું મૂલ્યાંકન કરી સરકારને સુધારા માટે જણાવવું વગેરે કાર્યો આયોગ દ્વારા કરવામાં આવે છે. આયોગને મળતી અરજીઓ સંબધિત સંસ્થાઓ, પોલીસ અધિકારીઓને મોકલી આપવામાં આવે છે. રિપોર્ટ મેળવી નિકાલ કરવામાં આવે છે. આયોગમાં કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણ માટે સુનાવણી રાખવામાં આવે છે, બન્ને પક્ષકારોને બોલાવી સાંભળી સંતોષકારક નિરાકરણ લાવવામાં આવે છે.

મહિલાઓને કાયદાકીય જાણકારી માટે જિલ્લા પંચાયત મારફત કુલ ૫૦૦ થી વધુ નારી સંમેલન, કરવામાં આવ્યા જેમાં બે લાખ થી વધુ મહિલાઓ એ ભાગ લીધેલ છે તથા ૧૫૦ થી વધુ કાયદાકીયજાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે .જેમાં એક લાખ થી વધુ ચુંટાયેલ મહિલાઓ એ ભાગ લીધેલ છે .ગુજરાત રાજય મહિલા આયોગ દ્વારા યુનિર્વસીટીમાં ભણતા વિધાર્થીનીઓને કાયદા અને જાતીય સતામણી સામે રક્ષણ અંગેનાં ૩૦ થી વધુ યુનિર્વસીટીમાં સેમીનાર યોજવામાં આવેલ છે જેમાં પચ્ચાસ હજાર થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધેલ છે.

આયોગમાં રોજબરોજ વર્તમાન પત્રમાં આવતા બનાવો તેમજ ટી.વી.ના માધ્યમથી લાઇવ સમાચારનો સુઓમોટો કરવામાં આવે છે. જેમાં ૧૨૮ કેસો પર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આયોગ દ્વારા તાત્કાલિક પીડિત મહિલાઓની મુલાકાત લેવામાં આવે છે. પીડિત મહિલા અને કુટુંબીજનોને આશ્વાસન આપવામાં આવે છે.કલેકટરશ્રીને તાત્કાલિક સહાય આપવા, પોલીસ અધિકારીને આરોપીની ધરપકડ કરી ત્વરીત કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે. આરોગ્ય અધિકારીને આરોગ્યલક્ષી સુવિધા આપવા જણાવવામાં આવે છે.

આયોગમાં કચેરી સમય દરમ્યાન મહિલા હેલ્પ લાઇન–૧૮૦૦–૨૩૩–૧૧૧૧ ઉપલબ્ધ છે.કાયદાકીય માર્ગદર્શન માટે કાયદા અધિકારી અને કાઉન્સીલરની સેવાઓ ઉપલબ્ધ છે. N.R.I ના કેસો માટે N.R.I Cell છે.અરજદારશ્રીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. અને અત્યાર સુધીમાં આયોગને કુલ ૧૭૧ અરજીઓ મળેલ છે. તેની ચકાસણી કરી ભલામણ સાથે NCWને મોકલવામાં આવેલ છે.

આયોગ દ્વારા સ્થાનિક કક્ષાએ કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણ માટે ૨૦૧૨–૧૩થી નારી અદાલતો શરૂ કરવામાં આવી છે. હાલમાં દરેક તાલુકામાં એક અને મહાનગર પાલિકા વિસ્તારમાં ૨૨ મળી કુલ–૨૭૦ નારી અદાલતો શરૂ કરવામાં આવી છે.

નારી અદાલતમાં પીડિત મહિલાની અરજી મેળવી સામેના પક્ષકારને બોલાવી બન્ને પક્ષકારોને સાંભળી પ્રશ્નનો સમજાવટથી ઉકેલ લાવવામાં આવે છે.

નારી અદાલતમાં તાલુકા કક્ષાની ૧૧ બહેનોની સમતા કમિટિની રચના કરવામાં આવે છે. સમતા કમિટિની બહેનો પોતાની કોઠાસૂઝથી બન્ને પક્ષકારોને સાંભળી પ્રશ્નનો નિરાકરણ લાવે છે.

| નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ના અંદાજનું વર્ગીકરણ | | |
|---|---|---|
| **૧ .ગુજરાત રાજ્ય મહિલા આયોગ** | | **(રૂ.કરોડમાં)** |
| ૧ | પગાર ભથ્થા ખર્ચ | ૧.૬૪ |
| ૨ | કચેરી ખર્ચ | ૦.૬૩ |
| ૩ | આયોગની પ્રવૃત્તિ (સેમીનાર) | ૦.૪૦ |
| | **કુલ** | **૨.૬૭** |
| | | |
| **૨. નારી અદાલત** | | |
| ૧ | નારી અદાલતની જોગવાઇ | ૪.૯૦ |
| | **કુલ** | **૪.૯૦** |

આમ કુલ આયોગ માટે **૩.૭.૫૭** કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

V-451 - 61-2-2025

સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત